॥ શ્રી ॥

મહાન પ્રેમી ભક્તો કૃત,

ઓચ્છવનાં પદ.

નવીન કીર્તન સાથે.

સંગ્રહ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર

દેવશંકર કેશવરામ ભટ્ટ. ભારસાવાળા.

(બાળસંવાદના કર્તા.)

તથા

મંગળભાઇ ગોપાળભાઇ પટેલ.

મુ. મોગર. સંસ્થાન તા. આણંદ.

સંવત ૧૯૭૯ શરદપૂર્ણિમા. આવૃત્તિ ૧ લી.

પ્રત ૧૦૦૦.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શા. વાડીલાલ નાથાલાલે છાપ્યા રીચીરોડ—અમદાવાદ.

કિંમત ૦—૬—૦.

॥ શ્રી ॥

મહાન પ્રેમી ભકતો કૃત.

ઓચ્છવનાં પદ

નવીન કીર્તન સાથે.

સંગ્રહ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર

દેવશંકર કેશવરામ ભટ્ટ. સારસાવાળા.
(બાળસંવાદના કર્તા.)
તથા
મંગળભાઇ ગોપાળભાઇ પટેલ.
મુ. મોગર. સંસ્થાન. તા. આણંદ.

સંવત ૧૯૭૯ શરદપૂર્ણિમા. આવૃત્તિ ૧ લી.

પ્રત ૧૦૦૦.

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં શા. વાડીલાલ નાથાલાલે છાપ્યાં. રીચી રોડ—અમદાવાદ.

કિંમત રૂા. ૦—૬—૦.

શ્રી

—પ્રેમાર્પણ પત્રિકા:—

શ્રીમાન્ સુજ્ઞવર્યશ્રી ઠાકોર સાહેબ
શ્રી કેશરીસિંહજી ગુમાનસિંહજીની
પવિત્ર સેવામાં.

મુ. મોગર સ્વસ્થાન. તા. આણંદ.

ગઝલ.

કૃપા છે જ્યાં વિભુવરની, તહાં અમૃતની વૃષ્ટિ;
હતા વૈરી થતા મિત્રો, નીરખતા સ્નેહની દૃષ્ટિ.
ચઢે જો દુઃખનાં વાદળ, વિખરતા દેવ દાનવો;
અમીની રશ્મિ વરસાવી, અરપતા પુષ્પના હારો.
પ્રભુના પ્રેમનાં ઝરણાં, વહે મોગર પરે સારાં;
અને શ્રી केशरीसिंहના, રહ્યા છે દેવ રખવાળો.
ગુણી રાજા મહારાજા, પ્રજાને પાળતા પ્રેમે;
કદર કરતા સજનતાની, વિવેકી પોષતા રહેમે.
મળ્યાં છે સાધનો સુખનાં, જગતમાં જે ગણાએ છે;
કર્યો સ્વાર્પણ ઈશ્વરે, કૃપા પુરી જણાએ છે.
અહા ગુણવંત नटवरसिंहः महेंद्र ઈંદ્રના જેવા,
રૂડા जशवंतसिंहजीના, ગુણો સાગર સમા જોયા.

વિલાસી શંભુસિંહજીની, ગરજના ગજશે ગગને;
ચિરંજીવી સદા રાખો, દયા સાગર પ્રભુ તમને.
વધો બળ બુદ્ધિને લક્ષ્મી, વધો ઉજ્વલ અતિ કીર્તિ;
અમો તો યાચીએ એવું, પ્રભુ રાખો સદા શાન્તિ !!!

લી આપના આજ્ઞાંકિત.

દેવશંકર કેશવરામ ભટ્ટ.

અને મંગળભાઇ ગોપાળભાઇ પટેલ ના પ્રણામ.

આ પુસ્તક.

(૧) ગાયન કળા શીખવા માટે.
(૨) ઓચ્છવની સુંદર કળા જાણવા માટે.
(૩) પ્રેમરસનું પાન કરવા માટે.
(૪) મહાન ભકતોની વાણીનું જ્ઞાન સમજવા માટે.
(૫) ઇશ્વરનું જ્ઞાન મેળવવા માટે.
(૬) મોક્ષ મંદીરમાં પ્રવેશ કરવા માટે.

—ખરીદો.—

દે૦ કે૦ ભટ્ટ.

પ્રસ્તાવના અને પ્રેમધર્મ.

॥ श्री प्रेमस्वरुपाय नमः ॥

॥ श्री प्रेमधर्माय नमः ॥

પ્રિય વાંચક !!! શ્રી સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રેમાત્માની પૂર્ણ મહદકૃપાના યોગે આ બ્રહ્મલીલાના અગમ્યમાર્ગ દર્શાવનારૂં તથા પ્રેમનો સ્વાનુભવ પ્રસાદ ચખાડનારૂં નાનકડું પુસ્તક આપના કોમળ કરકમળમાં રજુ કરૂં છું તો આશા છે કે તેમાંનાં સ્તુતી કીર્તનો ગાવાથી, પ્રેમ પ્રભુની અનાધનંત લીલાનું સ્મરણ કરવાથી, અને શ્રી વિરાટ મૂર્તિના ઝગઝગતા જ્યોતિનું ધ્યાન કરવાથી, પ્રભુની સ્વાનુભવ પૂર્ણ આંખીને પ્રાપ્ત કરવાના દુર્લભ માર્ગને સુલભ કરશોજ. આ કથન પહેલાં પ્રેમ સ્વરૂપની અટપટી લીલાનું વિવરણ આ સ્થળે તમારા કોમળ કરમાં સમર્પણ કરૂં છું, તે સ્વીકારવા અંતઃકરણપૂર્વક આગ્રહ કરૂં છું.

શ્રીમાન્ શંકરાચાર્ય ભગવાને કહ્યું છે કેઃ—

भजगोविंदं भजगोविंदं
भजगोविंदं मूढमते ।
प्राप्ते सन्निहिते मरणे
नहि नहि रक्षति डुकृञ् करणे ॥ १ ॥

ભજ તું ગોવિંદ, ભજ તું ગોવિંદ;
ભજ તું ગોવિંદ મૂઢમતે
આવ્યો તું તો સમીપે મરણે,
નહિ નહિ રક્ષણ "કરવું" કહેણે ભજ તું૦

આ સંસારચક્રની ઘટમાળમાં ઘુમતાં તમામ હૃદયોના અંતઃકરણમાં એટલી તો વાત સત્ય ઠરી છે કે આપણું કલ્યાણ પ્રભુના પ્રેમ સ્વરૂપમાં ભળ્યા સિવાય થવાનું નથી. આને માટે ભિન્ન ભિન્ન મનુષ્યો ભિન્ન ભિન્ન માર્ગો ગ્રહણ કરીને બેઠા છે. કેટલાક વિરલાઓ પ્રભાત કાળથી સંધ્યા સમય સુધી સ્નાન, સંધ્યા, જપ, હોમ વગેરે કરે છે, કેટલાક હઠયોગનો સ્વીકાર કરી સવિતા દેવના ઉષ્ણ પ્રચંડ કીરણમાં તપશ્ચર્યા કરી ઉંધે મસ્તક તાપ કરે છે, કેટલાક નર્મદાદિ પવિત્ર તીર્થોની આજુ-બાજુ રટણ કર્યા કરે છે, કેટલાક તો હિમાલય જેવા મહાન્ ગિરિરાજની ગહન ગુહામાં ગમન કરીને સમાધ્યાવસ્થામાં તલ્લીન થઇ રહે છે, અને કેટલાક તો કૃષ્ણ પરમાત્માની પ્રેમ સ્વરૂપ મૂર્તિમાં પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે. આવા આવા અનેકાનેક માર્ગોમાંથી જેને જે ગમે તેને ગ્રહણ કરે છે. શાસ્ત્રો ઘણાં છે, પંથો પુષ્કળ છે, દેવીઓની મૂર્તિઓ અગણિત છે, તો કયું ખરૂં ખોટું એ જાણવામાંજ યુગના યુગ વહી જાય તેમ છે, તો પછી ભક્તિનો સમય કયારે આવે ? આવી ગુંચ-

વણુ દરેકના મનમાં હોય છે. તેનું સમાધાન નીચે પ્રમાણે છે.

શ્રીમદ્ ભાગવગીતામાં શ્રીમુખે કહ્યું છે કેઃ—

मन्मनाभवमद्भक्तो मद्याजीमा नमस्कुरु ।
मामे वैष्यसि सत्यंते प्रतिजाने प्रियोऽसिमे ॥

ટીકા—મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારૂં પૂજન કર, અને મને નમસ્કાર કર. તેથી તું મને પામીશ હું મારા સત્યની પ્રતિજ્ઞા કરૂં છું કે તું મને પ્રિય છે એટલા સુધી ન અટકતાં વળી કહે છે કેઃ

सर्वं धर्मान्परित्यज मामेकं शरणं व्रज ।
अहंत्वासर्वपापेभ्यो मोक्षविष्यसि मा शुचः ॥

ટીકાઃ—સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકલાને શરણે આવ. શોક કર માં, હું તને પાપથી મુક્ત કરીશ.

સર્વ શાસ્ત્રોનું દોહન કરતાં છેવટે સારાંશ એ નીકળે છે કે પ્રભુના નામ, સ્મરણ અને કીર્તનના યોગે કરીને શ્રીકૃષ્ણ પરમાત્મા હાજરે હજુર ખડા થાય છે. નાગર ભક્ત નરસિંહ મહેતા શાસ્ત્ર ભણ્યા નહતા, પુરાણનું પઠણ કર્યું ન હતું, તીવ્ર તપશ્ચર્યા કરી નહતી, અને પુન્ય દાનનાં સદાવ્રત બંધાવ્યાં ન હતાં; છતાં કૃષ્ણ પરમાત્માનું આરાધન કરતાં તેમનાં પ્રભુને આવીને કાર્યો કરવાં પડયાં હતાં. આવા નામ સ્મરણનો રસાસ્વાદ અદ્-

ભૂત વિરલાઓ પાન કરીને પ્રભુના દરબારમાં પહોંચી ગયા છે. ધ્યાન, યોગ, તપ, વગેરેના કરતાં પણ નામ સ્મરણનો મહીમા અલૌકિક છે. ભક્ત જને કહ્યું છે કે:—

નામ સમાન કોઇ ના આવેરે; નાથ તારાં નામ સમાન
કોઇ ના આવે,
કોઈ જાવે કાશી કોઈ જાવે જુમનાં અશ્વ જગન કરાવે
પૃથ્વી કેડે પરકંમાં કરીને વાલા કોટિક કન્યા પરણાવેરે. નામ.
દુર્યોધનને દુષ્ટ દુશાસન સુંદરી સભામાં લાવે;
અબળા કેરી અરજી સાંભળી, વાલો ગરૂડ ચઢી આવે. નામ.

હવે નામ સ્મરણના ઊંડા રહસ્યનું શોધન કરીએ. આ સંસારની આજુબાજુ પ્રભુએ એવી વિચિત્ર જાળ ગુંથેલી છે કે તેમાંથી છુટવાને માનવ ગમે તેટલો પ્રયત્ન કરી શકે; પરંતુ એક તસુ પણ ખસવાને શક્તિમાન થતો નથી. સ્ત્રી, પુત્રો, સગાં સહોદર, ઘરબાર વગેરે ત્યાગ કરીને જંગલ સેવન કરનારા કરોડોમાંથી કોઇ જવલ્લેજ મળી આવશે; કારણ કે માયાના બંધો છોડવા કંઇ જેવી તેવી વાત નથી. માયાને સ્નેહ એવું પણ નામ આપી શકાય. વળી સ્નેહ અને પ્રેમ શબ્દ એ પણ ભિન્ન નથી સ્નેહનું સામ્રાજ્ય તો સર્વત્ર પ્રચલિતજ છે. મિત્રનો પ્રેમ, સ્ત્રી પુરૂષનો સ્નેહ, શેઠ નોકરની પ્રીતી, વગેરેનાં પુસ્તકો આખા વિશ્વમાં પ્રચલિત

છે. પ્રેમને માટે તો કેટલાક વિરલાઓએ પોતાના પ્રાણની આહુતિ આપી છે. ગારૂડીના મોરલીના નાદના પ્રેમને લીધે મહાન વિષધારીઓ એક કેદીની પેઠે કંડીયામાં પુરાઇ રહે છે. જુઓ, પેલાં પતંગીયાં દીપકના અથાગ પ્રેમથી તેમાં પોતાના પ્રાણને સમર્પણ કરે છે. પતીની પાછળ સતીઓ ચિતાની અંદર પ્રાણનું બલિદાન આપે છે, તે કંઈ ઓછા પ્રેમનું દૃષ્ટાંત નથી. મદાલસાની પાછળ તેના સ્વામીએ પ્રેમ પ્રેમ વિરહને લીધે કંઇ ઓછું તપ કર્યું ન હતું.

હવે તો આ બધી દુનીઆદારીના કૃતિમ પ્રેમનું વર્ણન કર્યું; પણ દુનીઆમાંથી ફના થયા પછી ઇશ્વરના સ્વરૂપમાં ભળવા માટેનો પ્રયાસ ભુલવાનો નથી. સારો સ્નેહી સાચો મિત્ર, શાણો શાહુકાર અને અંતકાળનો ખરો સંબંધી એના સિવાય નથી. દુનીયામાં સેવક વ્યક્તિને સાધવાથી કલ્યાણ થવાનું નથી, પણ મુખ્ય અમલદારનેજ સાધવાથી કલ્યાણ થશે.

પ્રભુ પ્રત્યે પ્રેમ ભક્તિ અને પ્રેમયોગની લીનતાને લીધે આગળ વધતાં સુફિવાદ સિદ્ધાંતની બાબતમાં જીવ અને બ્રહ્મની એકતાના તત્વવિચારને પ્રાધાન્ય આપે છે. અને એકતાનો સ્વાનુભવ પામવાને આશકત પોતામાં રહેલી દેહાત્મ ભાવનાને ભુલી જાય છે. વેદાંતમાં જેને અભેદ સાક્ષાત્કાર કહે છે. તેવોજ સ્વાનુભવ હરેક પ્રેમીનું

અંતિમ પ્રાધાન્ય હોય છે. અને તેને માટે હૃદયની પાત્રતા પરત્વે દરેક પ્રવાસીને જુદા જુદા અનુભવો તેના અંતરમાં ક્રમાનુક્રમે થતા રહે છે.

પ્રેમ ધર્મનું શાસનજ માનવજાતીના જીવનનું મૂળ તત્વ છે. અને આત્માની એ પૂર્વ સ્મૃતી દરેક રાષ્ટ્રમાં પ્રેરિતો દ્વારા યુગે યુગે તાજી કરવામાં આવે છે. "અયમાત્મા પરપ્રેમાસ્પદમ્" એવું આત્માનું સ્વરૂપ અદ્વૈત વેદાંતના વિવરણકારો વારંવાર પુકારે છે, ઇસ્લામી મહાત્માઓ અનલ હકનો બ્રહ્મમંત્ર ભણ્યા કરે છે, અને આંગ્લ મહાત્મા સ્વેડન બર્ગ 'Love is god" પુકારવાનો શંખનાદ ફુંકે છે. નરસિંહમહેતો, મીરાંબાઇ વગેરે ભકતો પ્રેમ, પ્રેમ ને પ્રેમનોજ મહામંત્ર પુકારે છે. દુનીઆદારીના ઝઘડામાં પડવાનું તેઓ બીલકુલ પસંદ કરતા નથી. પખાજ, ઠાંસી અને જ્યારે નામ સ્મરણનું રટણ એકે અવાજે થઇ રહે છે, ત્યારે તેઓ નાચે છે, કૂદે છે અને પોતાની વૃત્તિને ગોપી રૂપ ગણી પ્રભુને લાડ લડાવે છે. ભલે તે વખતે દુનીઆદારી નિંદે, સગાં વહાલાં નિંદે; પણ તેમને તો પોતાનો પરમેશ્વર જ વહાલો હોય છે મીરાંબાઇ તો પોતાના પતીને પણ પત કરતી નહતી તે તો પોતાના ખુદ આશક શ્રીકૃષ્ણનેજ ચાહતી હતી. તે તો કહેતી હતી કે દુનીઆનો આશક તે તો માટીના પુતળા જેવો છે. ખરો આશક તો મોક્ષસદનમાં

રહસ્યાંઆડનાર જ છે. પ્રેમઘેલા દયારામ ઉપર કેટલાક તરફથી આરોપો આવે છે; પણ તેની ખુદ માશુકની સાથે લાગેલી લગની જંગળી જીવડા શું સમજી શકે? તેનું હૃદય તો કૃષ્ણને વરી ચુક્યું હતું. તે પોતાને કૃષ્ણની ગોપી સમાન માને છે. અને પોતાના પતી શ્રીકૃષ્ણએ તેના સર્વોપરી સ્નેહનું સ્થાન છે. જીવનનું અંતિમ પ્રાપ્તવ્ય છે.

પ્રેમને હૃદયાંતરનો તત્વતઃ અનુભવ સ્વીકારવાને બદલે જયારે શરીરનો વિષય માનવામાં આવે ત્યારે પ્રેમનું યા કે ઇશ્વરનું ભારે અપમાન થાય છે. જેઓ પ્રેમ-યોગી મહાત્માનું ગાન વિષય-વાસનાના રસ્તામાં ઘટાડે છે ત્યારે તેઓ સખત નિંદાને પાત્ર છે. એટલુંજ નહિ પણ મોક્ષની શ્રેણીમાંથી છેલ્લે પગથીએ ઉંડાણમાં ઉતરી જાય છે.

ત્યારે હવે સિદ્ધ થાય છે કે પ્રેમ લક્ષણા ભક્તિના પ્રતાપે કેટલાક ભક્તો નાચે છે, કૂદે છે, પગે ઘુઘરા બાંધે છે, ચાળા ચટકા કરે છે, કાંચળી પહેરે છે વગેરે સર્વ પ્રેમ ભક્તિની નિશાની છે જો કોઇ તેની નિંદા કરતો હોય તો તે ખાસ પ્રભુનીજ નિંદા કરે છે એમ જાણવું. આ સંગ્રહ કરવાનો હેતુ એજ કે જગતની જંજાળમાંથી બે ઘડી વિરામ પામી પ્રભુપદમાં તલ્લીન થવું તે છે.

આ લઘુલેખ તૈયાર કરવાને માટે ઘણા ભકતોનો આગ્રહ હતો. વળી ખાસ કરીને જીતોડીઆ તા. આણું-

હની ભજનમંડળીએ ઘણું કીર્તનનો સંગ્રહ કરીને આપ્યો હતો તેમનો ઉપકાર આ સ્થળે ભુલાય તેમ નથી. જેજે મહાત્માનાં પદ આ સંગ્રહમાં લેવામાં આવ્યાં છે. તે તે મહાત્માઓના અમે તો સદાકાળ ઋણીજ છીએ. इत्यलम्

લી૦ આપના સેવકો.

દેવશંકર કેશવરામ ભટ્ટ. સારસાવાળા.

અને

મંગળભાઇ ગોપાળભાઇ પટેલ મોગર, તા૦ આણંદ.

—※○※—

શ્રી શંકરાચાર્ય રચિત સ્તોત્રનું ભાષાંતર.

ચરણાકુળ છંદ.

ભજ તું ગોવિંદ ભજતું ગોવિંદ,
ભજ તું ગોવિંદ મૂઢમતે;
આવ્યો તું તો સમીપે મરણે,
નહિ નહિ રક્ષણ કરવું કહેણે. ભજ તું.
બાળપણામાં ક્રીડાસક્ત,
તરૂણીના તારુણ્યે ભક્ત;
વૃદ્ધપણે ચિંતામાં ફસીયા,

છતાં મૂઢ ના ગોવિંદ ગાયા. ભજ તું.
અંગ ગળ્યું ને આવ્યાં પળીયાં,
વૃદ્ધ થયો ને દંતો પડીયા;
દંડ વિના ના ચાલે કાયા,
છતાં મૂર્ખે મૂકી ન માયા. ભજ તું.
ફરી ફરી જન્મો ફરી ફરી મરશો,
ફરી ફરી જનની જઠરે પડશો;
આ દુસ્તાર મહા સંસારે,
કરૂણા કરશે કૃષ્ણ મુરારે. ભજ તું.
દિન ને રજની આવે જાયે,
શિશિર વસંતે એમજ થાયે;
ક્રીડા કરતું આયુ ઘટતું,
આશાપાશે મનડું ફરતું. ભજ તું.
જટા ધરે કોઇ શિર મુડાવે,
ભગવા વસ્ત્રે ભેખ લજાવે;
આંખ છતાં પણ અંધ જણાએ,
ઉદર નિમિત્તે વેશ ભજાવે. ભજ તું.
વય વીતતાં નહિ કામ વિકારો,
નિર ઘટયાથી શું કાસારો?
નિર્ધનથી અળગા પરિવાર,
તત્વ જણાએ શું સંસાર? ભજ તું.
અગ્રે વહ્નિ પૃષ્ઠે ભાનુ,

રાત્રે ચિબુક સાથે જાનુ;
કરતલ ભિક્ષા તરૂતલ વાસ,
તદપિ ન મૂકતા આશાપાશ. ભજ તું.
યાવત વિત્તોપાર્જન શક્ત,
તાવત પરિવારો અનુરક્ત;
જ્યારે જર્જર થાશો દેહે,
વાતો કોઇ ન પૂછે ગેહે ભજ તું.
વસ્ત્રો વીણી કરતા કંથા,
પુણ્ય પુણ્યના વર્જિત પંથા;
નહિ નહિ તું હું નહિ નહિ લોક,
તદાપ શાને કરતો શોક. ભજ તું.
માયા મોહે ફસીયો નેહે,
નારી રૂપ અનુપજ દે ;
મજ્જા માંસ તણા એ વિકાર,
મનમાં વારંવાર વિચાર. ભજ તું.
ભગવતગિતા કિંચિત ગાતાં,
ગંગા જળનું પાનજ કરતાં;
કૃષ્ણ પ્રભુની પૂજા અર્ચા,
તેની જમશું કરતા ચર્ચા ? ભજ તું.
ગાવી ગીતા નામ સહસ્ર,
ધ્યાનજ ધરવું શ્રીપતી હર્ષ;
સજ્જન સમીપે રાખો ચિત્ત,

દેજો દીન જનોને વિત્ત. ભજ તું.
હું ને તું સો ક્યાંથી આવ્યો,
જનની પિતા કોણ ગણાયો;
આ સંસાર અસાર વિચારો,
સર્વે જુઠું અંતર ધારો. ભજ તું.
તારી કાન્તા તારા પુત્રો,
આ સંસાર તણાં એ ચિત્રો;
ક્યાંથી આવ્યો ક્યાં જવાનો,
તત્વવિચારો મનમાં માનો. ભજ તું.
સુર તટેના તરૂ મૂલ વાસો,
શય્યા ભૂતલને મૃગચર્મો;
સર્વ પરિગ્રહ ભોગ ત્યાગ,
કોને સુખના કરે વિરાગી? ભજ તું.

इति शिवम् .

હે. કે. ભટ્ટ.

श्री डंकपुर निवासी भक्तवर श्री हरिदासना चरणे)

ગઝલ

નમું હું શ્રી હરિ ચરણે, નમું હું શ્રી હરિ ચરણે;
રહ્યો છું શ્રી હરિ શરણે, રહ્યો છું શ્રી હરિ શરણે.

જપું છું જાય અંતરમાં, હરિના નામને હેતે;
ત્રિવિધિ તાપ ટળવાને, જપુ છું શ્રી હરિ પ્રીતે.
હરિના નામનું ગાણું, સદાએ અંતરે આણું;
ખરે છે મોક્ષ ઠેકાણું, અને છે રોકડું નાણું.
હરિના નામની ધુનો, હરિના નામના મંત્રો;
પુકારે વેદ પુરાણો. વળી સ્મૃતિ તણાં સુત્રો.
હરિના દાસ હરિદાસો, નમું ગુરૂ હરિદાસો;
રટું છું શ્રીહરિદાસ !!! જપુ છું શ્રી हरिदासो.

वेणुनाद.

(દાસપરે દયા લાવોરે એ—રાગ)

મોહક મોરલી વાગીરે (૨) મોહનવરની મોહક મોરલી વાગ.
સુતીતી ભર નિંદ્રામાં, શબ્દ પડયો શ્રવણમાં;
રજનીએ ઝબકી જાગી જાગીરે. મોહનવરની.
રોતાં બાળકને મેલી, આભરણો અવળાં પહેરી;
લાજ લોકની ત્યાગી ત્યાગીરે, મોહનવરની.
સૂનાં ઘરબાર છોડી. મોરલી સાંભળવા દોડી;
લાલાથી લગની લાગી લાગીરે, મોહનવરની.
આધારે ચાલી શરણે, ભેટી હું ગિરધરવરને;
ભવની ભાવટો ભાગી ભાગીરે, મોહનવરની.
શામળીએ શરણે લીધી, પ્રીતે પોતાની કીધી;
એ પ્રીત હરિદાસે માગી માગી રે, મોહનવરની.

શ્રી

મહાન ભકતો કૃત,

ઓચ્છવનાં પદ.

શ્રી ગણેશાય નમઃ

સાખીઓ.

ફુંદાળો દુઃખ ભંજનો, સહાય બાળે વેશ;
પ્રથમ પહેલા પૂજીએ, ગવરી પુત્ર ગણેશ.
ગવરી તારા પુત્રને, મધુરા સમરે મોર;
દહાડે બ્રાહ્મણ વાણીઆ, રાતે સમરે ચોર.

(૧)

પ્રારંભ સ્તુતી.

નમોરે ગણેશા નમો હનુમંતા,
એ બે વીરો બુધે બળવંતા;
એકને જોઈએ જનોઇનો જોટો,
બીજાએ વાળ્યો છે વજર કછોટો. નમોરે૦
એકને ઘેર છે સુદ્ધ બુદ્ધ નારી,
બીજો ભાઈ બાળો બ્રહ્મચારી. નમોરે૦

એકને જોઈએ મોદક લાડુ,
બીજાને તેલ સિંદુરનું ગાડુ. નમોરે૦
એકને જમવા ખટરસ સાર,
બીજાને સેવા તણો અધિકાર. નમોરે૦
એકે લંકા ગઢ પ્રજાળ્યો,
બીજાએ સૂર્ય તણો રથ વાળ્યો. નમોરે૦
એકે સીતા તણી શોધ લીધો,
બીજે મહાદેવને બુદ્ધ દીધી. નમોરે૦
એક છોનો પારવતીનો તન,
બીજો શંકરથી ઉત્પન્ન. નમોરે૦
ભણે કનૈયો હું એટલું જાણું,
બેઉ જોદ્ધાને સરખા વખાણું. નમોરે૦

(૨)

ગણપતી સ્તવન.

પ્રથમ પહેલા સમરીએ દેવ ડુંડાળો,
શ્રીગવરી પુત્ર ગણેશ દેવ મારાં વિઘ્ન હરો.
માતા કહીએ જેની પાર્વતી. " દેવ ડુંડાળો.
જેના પિતા શંકર દેવ. " વિઘ્ન હરો.
લાંબી સુંઢે આવે મલપતો. " દેવ ડુંડાળો.
એની કોટે છે ફુલોના હાર. " વિઘ્ન હરો.
સિંદુરના શણગાર ધરાવું. " દેવ ડુંડાળો.

એને મોહિક ભક્ષણુ હાર. ” વિઘ્ન હરો.
કેડે કટારાં આંકડાં. ” દેવ ડુંડાળો.
એને ઢળકતી છે ઢાલ. ” વિઘ્ન હરો.
બાંયે બાજુબંધ બેરખા. ” દેવ ડુંડાળો.
એને દશે આંગળીએ વેઢ. ” વિઘ્ન હરો.
મુષક વાહન બેસણું. ” દેવ ડુંડાળો.
એને વરવાળી પલાણુ. ” વિઘ્ન હરો.
રામ રતનીચો વિનવે. ” દેવ ડુંડાળો.
વળી ભક્તની કરજો સહાય. ” વિઘ્ન હરો.

(૩)

ગોડીની સાખીઓ.

સાંજ પડે દિન આથમે, ચકવા ચકવી રોય;
ચાલો ચકવા જ્યાં જઈએ, સાંજ પડંતાં હોય.
ઓડી પુછે ગોડીઆ, કોણુ ભલેરો દેશ;
સંપત હોય તો ઘર ભલો, નહિ તો ભલો પરદેશ.
સંપત દેખી મત રાચીએ, વિપત્ત પડે મત રોય;
સંપત હેત્રાં વિપત્ત હે. શ્રી રામ કરે સો હોય.
તિમિર ગયો રવિ દેખતે, કુબુદ્ધિ ગઇ ગુરૂ જ્ઞાન;
સંપત ગઇ અતિ લોભસે, ભક્તિ ગઈ અભિમાન.

અભિમાની કુંજર ભયો, લીયો અપને શિરભાર;
તાકુ જમરા કુટહે, લુહા ગુડે લુહાર.

(૪)

શ્રી ગુરૂને પાયે લાગુ,
વહેલું વહેલું શ્રી ગુરૂને પાયે લાગુ. ટેક૦
કરોને કૃપા હરિ કૃષ્ણ સેવા કરૂ,
બીજું કાંઈ ન માગુ. વહેલું વહેલું૦
ગુરૂજી ઘો ઉપદેશ સદા સુખકારી;
જેને મન નિર્મળ થાયે,
ત્રિવિધિ તાપ મોહ માયા મમતા;
વિકાર સઘળા જાય વહેલું. વહેલું વહેલું૦
ગુરૂજી વેદ પુરાણ શાસ્ત્ર એમ બોલે,
જેને હોય ગુરૂજીનો દઢ વિશ્વાસ;
શ્રીગુરૂ નારાયણ તેને મળશે,
વરણવે વૈષ્ણવ દાસ. વહેલું વહેલું૦

(૫)

રાગ ગોડી.

ઓ આવે હરિ હસતા,
સુજની ઓ આવે હરિ હસતા. ટેક૦

મુજ અબળા એકલડી જાણી,
બીતાંરે ક્હેડે કસતા. સુજની૦
પચરંગી પાઘ કેસરીઆ વાઘા,
પુલડાના મેલે તોરા;
મારે આંગણીએ દ્રાક્ષ બીજોરા.
મેવલે ભરાવું તારા ખોળા. સુજની૦
પ્રીત કરે તેની પુઠ ન મેલે,
પાસેથી શે નથી ખસતા;
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધરના ગુણ,
રૂદે કમળમાં વસતા. સુજની૦

—

(૬)

રાગ ગોડી.

ગોચારી ઘેર આવે,વહાલોરે મારો ગૌ ચારી ઘેર આવે. ટેક૦
ચેડારામાં પરવરીઓ મારો વહાલો મધુરીશી બંસી બજાવે. વા૦
ગુંજાવરના હાર મનોહર, મોર મુગટશિર સોહે;
શ્યામ તણી સુંદરતા જોઇજોઇ વ્રજ જનનાં મન મોહે. વા૦
કુમકુમ કેરાં છાંટણુ છંટાવું મોતીડે ચોક પુરાવું,;
નરસિંહના સ્વામી મારે મંદિરે પધારો,પુલડે સેજ બીછાવું વા૦

—

(૭)

રાગ ગોડી.

ધેનુ ચારી ઘેર આવે, પ્રભુજી મારો ધેનુ ચારી ઘર આવે,
અંગ મનોહર રૂપ અનુપે, મોરલી ગાન સુણાવે. પ્રભુજી०
ભાલતિલકને શિરપર કિરટ કુંડળ કાને શોહે,
પીળાં પિત્તાંબર પ્રભુએ ધર્યાં છે, હંસગતીથી શું આવે. પ્ર०
આગળ ધેનુને પાછળ ગોપ, વચમાં કાનુડો મહાલે;
ગોપીકાઓ સહુ ટોળે મળીને, કૃષ્ણ પ્રભુને બતાવે. પ્રભુજી०
ગોરજ નીરખી માત જસોદા, વ્રિજનારી સંગ આવે;
દેવના સ્વામીને નીરખી નયને, આરતી પુષ્પે વધાવે. પ્રભુજી०

(૮)

કલ્યાણની સાખીઓ.

ગોડી તો અબ મીટ ગઇ, જબ અસ્ત ભયો હે ભાણ;
રાત ઘટીકા દો ગઇ, જબ પ્રગટયો રાગ કલ્યાણ.
કલ્યાણ કલ્યાણ સબકો કહે, મેં કયા કહુ કલ્યાણ;
જે ઘર સેવા શ્યામકી, તે ઘેર સદા કલ્યાણ;
સુખ ઉપજ્યો દુઃખ મિટ ગયો, યો હસભયો ઉજીઆળ,
અંગો અંગે ઉલટ ભયો જબ પ્રગટયો રાગ કલ્યાણ;
કલ્યાણ રાગસો મહાબળી, સબ રાગકો રાખત માન,
સિંહલ દેશની પદ્મિની, જપતી રાગ કલ્યાણ.

(૯)

રાગ કલ્યાણ.

ગાવે રાગ કલ્યાણ, મોહન ગાવે રાગ કલ્યાણ.
આપે ગાવેને આપે બજાવે મોરલીએ લાવેતાન. મો૦
મોર પીછ શિર મુગટ બિરાજે કુંડળ લળકે કાન. મો૦
મિરાંબાઇ કહે પ્રભુ ગિરધર નાગર ગોપીના ધરીયલ ધ્યાન. મો૦

(૧૦)

રાગ કલ્યાણ.

મેરો મન હર લીયો રાજા રણછોડ (૨)
કેશવ માધવ શ્રીપુરૂષોતમ, કુબેર કલ્યાણકી જોડ. મેરો૦
શંખ ચક્ર ગદા પદ્મ બિરાજે, મુખ મોરલી ઘનઘોર મેરો૦
મોર મુગટ શિર છત્ર બિરાજે, કુંડલકી છબી ઓર. મેરો૦
આસપાસ રત્નાગર સાગર, ગોમતીજી કરત કલ્લોલ. મેરો૦
ધજા પતાકા બહુ ફરૂકે, ઝાલર કરત ઝકઝોર. મેરો૦
સબ ભંક્તનકે ભાગ્યહી પ્રગટે, નામે ધર્યો રણછોડ મેરો૦
જે કોઇ તેરો નામ સુણાવે, પાવે જુગલકીશોર. મેરો૦
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, કર ગ્રહો નંદકીશોર. મેરો૦

(૧૧)

સગપણ સાચું શાનું ભાઇ, શું માયાને વળગ્યું રે;

ગરજા ગરજે સાહુ મળ્યું છે, અંતે રહેશે આળગું રે;
ધનને કાજે તન પીલીને, ભૂમિ ભેળું ભળવું રે;
ઘડી એક તો પ્યારી જાય છે, તારે તો છે મરવું રે. સગપણ૦
ઉંચા ઉંચા મહેલ બનાવી, ફુલ્યા ફુલ્યા ફરવું રે;
એ મંદિરમાં કોણ મહાલશે, તારે તો છે મરવું રે. સગપણ૦
બચકે બાંધ્યા વસ્ત્રને વાઘા, ઘણું ઘરેણું ભરવું રે;
પટોળાં તાહરાં કોણજ પહેરશે, તારે તો છે મરવું રે. સગપણ૦
હાથીરે ઘોડા માલ ખજાના, સુખપાલમાં ફરવું રે;
એમાં જોને કોણ મહાલશે, તારે તો છે મરવું રે. સગપણ૦
ભજન કરી લે મન વેરાગી, ફૂટ હૈયાના ફૂટયા રે;
કહે કલ્યાણ કહ્યું નવ માને, એમ દિવસ તને રૂઠયા રે સગપણ૦

---

(૧૨)

કંઇક કરમનો કરનારો તે, શરણે તમારે આવ્યોરે,
મહાજાળમાં બાંધીને નાખ્યો, હવે હરિ છોડાવોરે. કંઇક૦
પાપ કરતાં પાછું ન જોયું, હરિનું નામ તો ભૂલ્યોરે;
દુરીજનની મેં સંગત કીધી, દેવાળામાં ડુલ્યોરે. કંઇક૦
અનાથ જંતુ રાંક બાપડા, તેમાં મેં કીધો વાસરે;
લખ ચોરાસીના ફેરા ફરતાં, કરી મુક્તિની આશરે. કંઇક૦
સોનું રૂપું જંતર મંતર, તંતર મારે તું છે રે;
હવે દુનિયામાં નથીરે ગમતું, મળવા આતુર હુંછુંરે. કંઇક૦
નામતણો મહીમા છે મોટો કંઇક પાપી નર તાર્યારે;
એવું જાણીને હંસ કલ્યાણ, પ્રભુ પ્રેમે પોકાર્યારે. કંઇક૦

(૧૩)

અંતરજામીનું નથી અજાણ્યું, મન માને તેમ મહાલો;
કરશો તેજ ભોગવવું પડશે, જોઇ વિચારીને ચાલો. અંતર૦
પુણ્ય પાપના બે મારગ છે, જેરે ગમે તે ઝાલો;
વણ સમજ્યા વેપાર કરે છે, ફેરો પડશે ઠાલો. અંતર૦
હરિને ઘેરતો હિસાબ ઠીકછે, કોણ વેરીને કોણ વહાલો;
પ્રીતમના સ્વામી પરમ સ્નેહી, નાગર નંદનો લાલો. અંત

(૧૪)

નંદકુંવર તારૂં નામ સાંભળી, આશભર્યાં અમે આવ્યાં;
મોરલી વગાડી વહાલે વનમાંરે તેડી, શે અરથે તેડાવ્યાં નંદ૦
ગારે દોવંતાં દોણીરે ભૂલ્યાં, વાછરડાં ધવરાવ્યાં;
પ્રેમે પય પાણીમાંરે ભેળ્યાં, સાકરમાં ઘી તાવ્યાં. નંદ૦
મૈયરની મરજાદાઓ મેલી, સાવરીએ સમજાવ્યાં;
રણછોડના સ્વામી સુંદરવર, દાસ તમારાં કહેવાયાં. નંદ૦

(૧૫)

ગિરધારી ગાજંતાંરે આવે, ગાજતાં આવે મુખ મોરલી બજાવે,
વૃંદા તે વનની વાટે રે ગિરધારી૦
મોર મુગટ પિતાંબર ધારી, કુંડલકી છબી ન્યાળીરે. ગિરધારી૦
અટપટો ને આલિંગાળો, મોહન મોરલીવાળોરે. ગિરધારી૦
કોઇનાં ફોડે ને કોઇનાં ઢોળે, એમ ચાલ્યો જાય ઉભી
વાટેરે. ગિરધારી૦

કોઈ વારોરે પેલા નંદકુંવરને, મહી લુંટે શા માટેરે. ગિરધારી૦
પ્રેમનો મારગ છેરે અમુલખ, નથી વેચાતો હાટેરે. ગિરધારી૦
દયા સખીનો સ્વામી શામળીઓ, મને મળીઓ
મથુરાંની વાટે રે. ગિરધારી૦

---

(૧૬)

ભક્તવત્સલ ભગવાન ભુધર, આવ્યો તમારે શરણેરે;
અધમોધારણ નટવર નાગર, પડું તમારે ચરણેરે. ટેક.
આ સંસારની માયા મોટી, ભલા ભલાને ભમાવેરે;
પકડી જકડી નાખે કોટડીએ, તરવા વારો નાવેરે. ભક્ત૦
માત પિતાને ભ્રાતા ભગની, જુવો ઘરની નારીરે;
અંત સમે નહિ આવે સાથે, નહિ ઉગરવા બારીરે. ભક્ત૦
ધનનું જોર વધ્યું આ જગમાં, ધનના સર્વે દાસોરે;
ધનથી થાય અતિશય પાપો, એવો આછે તમાસોરે. ભક્ત૦
કૃષ્ણપ્રભુ તમ આવ્યો શરણે, ભવ કુપથી ઉગારોરે;
કર જોડીને "દેવ" કહે છે, આ ભવ મારો સુધારોરે. ભક્ત૦

---

(૧૭)

મારો વહાલો વિરાજે ડાકોરમાં જો,
મારૂં ચિત્ત લાગ્યું એ ઠાકોરમાં જો;
ઘણા ભકતોને સ્નેહે ઉદ્ધારીયા જો,
બોડાણાને સાગરથી તારીયા જો. મારો.

મને માયા લાગી છે તારા નામની જો;
અને લાગી તમારા કામની જો. મારો.
અમે દાસ તમારા રાંકડા જો.
કરો ઉદ્ધાર ત્રિકમ ફાંકડા જો. મારો.
જપુ જાપ તમારો હું મનમાં જો,
આવી બેસોને મારા તનમાં જો. મારો.
મહેતા નરસિંહની લાજ રાખી હાથથી જો,
એવી લાજ રાખો મારા નાથજી જો મારો.
જોડી હાથ કરે છે 'દેવ' વિનતી જો,
ભાગો ભાવટ તમે કમળાપતિ જો. મારો.

---

(૧૮)

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએરે;
મનસા વાચા કર્મણા કરીને લક્ષ્મીવરને ભજીએરે. ટેક૦
કુળને તજીએ કુટુંબને તજીએ તજીએ માને બાપરે;
ભગનિ સુત દારાને તજીએ, જેમ તજે કંચુકી સાપરે. નારા૦
પ્રથમ પિતા પ્રલ્હાદે તજીયો, નવ તજ્યું હરિનું નામરે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીયા શ્રીરામરે. નારા૦
રૂષિ પત્ની શ્રીહરિને કાજે, તજીયા નિજ ભરથારરે;
તેમાં તેનું કાંઇ ન ગયું, પામી પદારથ ચારરે. નારા૦
વ્રજ વનિતા વિઠલને કાજે, સર્વ તજી વન ચાલીરે;
ભણે નરસૈયો વૃંદ્રાવનમાં, પ્રભુ લીલામાં મહાલીરે. નારા૦

(૧૯)

ચાબખા.

ભક્તિ શીશ તણું સાટું રે, આગળ વસમી છે વાટું;
એક દિવસ જ્યારે આવી બન્યું, રાજા મેરૂધ્વજને માથે;
કાશીએ જઈને કરવત મુકાવ્યું, હરિજનને હાથેરે. ભક્તિ૰
સત્યને કાજે ત્રણે વેચાયાં, રોહીદાસને રાણી;
રૂષિને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણીરે. ભક્તિ૰
પહેરો પટોળાં પ્રેમનાંરે, શુરવીર થઈ ચાલો;
સોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, અમરાપરમાં મહાલો. ભક્તિ૰

---

(૨૦)

જગમાં શુંરે રહ્યા માલી, ભરાણી પાપતણી પ્યાલી.
ભામની મળી ત્યારે ભગવાન મળીઆ, એવી અંતરમાં વાલી;
કામની તારી કામ નહિ આવે, સુખે જાશે ચાલીરે. જગમાં૰
અલેક ધણીની ઓળખાણ પાડને, એ ખેલ નહિ જાય ખાલી;
ભરમે થાકી જીવ ગયો એને, જમડા જાશે તાણીરે. જગમાં૰
પેટ ચોળીને શુળ ઉપજાવી, જીવને ઘાત તેં ઘાલી;
સોજો ભગત કહે ભજનવિનાતો, ઠકરાઇ જાશે ઠાલીરે. જગમાં૰

(૨૧)

રાસની સાખીઓ.

મોર મુગટ શિરપર ધર્યો, મુખ મોરલી ઘનઘોર;
વૃંદાવનની કુંજમે, જયજય જુગલકીશોર.
વૃંદાવન સો વન નહિ, નંદ ગામસેં ગામ;
બંસી બરસેં ભટ નહિ, કૃષ્ણ નામસેં નામ.
મોર મુગટ કટી કંચની, ઓર બિરાજત બનમાલ;
એ બાળક મેરે હૃદય બેસો, પ્રિયા સદા બિહારીલાલ.

---

(૨૨)

અનીહાંહાંરે રંગભેની ગોવાલણી આવે. (૨)
રૂમઝુમ રૂમઝુમ નેપુર વાગે. (૨)
અનીહાંહાંરે પાયે ઝાંઝરનો ઝણકારે. અનીહાંહાંરે૦
ઉર ઉપર હાર હેમનો સોહાએ (૨
અની હાંહાંહાંરે ગોપી હંસની ચાલ બતાવે. અનીહાંહાંરે૦
ચુવાચુવા ચંદન ઓર અરગજા.
અનીહાંહાંરે ગોપી કેસર આડ બનાવે. અનીહાંહાંરે૦
કાને કરણફુલ ઝાલ ઝબુકે.
અનીહાંહાંરે ગોપી મોતીડે બાલ સમારે. અનીહાંહાંરે૦
શિરપર ગાગર ગાગરપર ગડુલી.
હાંહાંરે નીહગોપી જળ ભરવાને જાયે. અનીહાંહાંરે૦

બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણુ.
અનીહાંહાંરે ગોપી ચરણુકમલને ચાહે. અનીહાંહાંરે૦

(૨૩)

ગોપી તું તો લાડસ ઘેલીરે, વેળાસર થાને વહેલીરે;
ગોપીરે તારા શું છે તનમાંરે, વાલો મારો તેડે છે વનમાંરે ટેક.
સાલુડો તું પહેરને રંગીરે. ઉતારીને મેલ ઉમંગીરે.
કંચવો તું પહેરને લીલોરે, મોહ્યો તને છેલ છબીલોરે.
પાવડીએ તું બાંધને બાજુરે, ટીલડીએ ચોઢને કાજુરે.
આંખડીએ તું કરી લેને અંજનરે, મુખડે તું કરી લેને મંજનરે
આવી રૂડી શરદની રાતોરે, રમી લેને શ્યામ સંગાથેરે.
નરસૈયાનો સ્વામી છોગાળોરે. તેને સહુ જોવાને ચાલોરે.

(૨૪)

રંગ રસીયા તમે શું રોકો છો, મારગની મહીયાર જીવણુ જાવાદો.
સાસુ અમારી ખીજશે, કંઇ નણુદલ દેશે ગાળ. ,,
સાવ સોનાનું મારૂં બેડલું, કંઇ રૂપલા ઉઢાણી હાથ. ,,
સાસુ અમારી જસેમતી, કંઇ સસરો શ્રી નંદલાલ. ,,
નરસિંહનો સ્વામી શામળો, કંઇ રંગે રમાડ્યાં રાસ. ,,

(૨૫)

જાઓ જુઠડા બોલા કાન, જાઓજી જાણ્યારે,
એવા ધુતારાના ઢંગ પરઘેર માણ્યારે. ટેક.
વાટ જોવંતાં રજની વીતી, આવ્યા ઉગમતે સુર;
કામણગારા કહાનજીરે. વાલે અમને વિસાર્યા છે દુર. જાઓજી૦
પરનારી શું પ્રીતડીરે. કીધી ઠામો ઠામ.
અહીં આવીને શું કરેરે. જેના ઘેર ઘેર હોય વિશ્રામ. જાઓજી૦
કોક મંદીરમાં કહાનજીરે કીધી લીલા લહેર.
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, મેં તો જાણી તમારી પેર. જાઓ૦

(૨૬)

મહી ઢળશે મારૂં મોહન મહી ઢળશે મારૂં.
લાખ એ લાખનું માટ નંદશે શોભીતું સારૂં. મોહન૦
તમે વનમાળી ન કરો આળી અમે વડવારૂ. મોહન૦
કુલ પડે તેની ચોદસ શુંથે લોક બોલે નકારૂં. મોહન૦
મીરાંબાઇ કહે પ્રભુ ગિરધરના ગુણ ચરણકમલ વારૂ. મોહન૦

(૨૭)

ઝુમકહાર શીદ તોડયો હો રાજ મારો ઝુમકહાર શીદ તોડયો.
હારની પડીછે ત્રણ ઓળો હોરાજ મારો ઝુમકહાર શીદ તોડયે
જળ જુમનાં જળ ભરવાને ગયાંતાં, ઘટ મારો શીર ફોડયો. હો૦
વંદ્રાવનને મારગ જાતાં, કાંડુ ઝાલીને હાર તોડયો. હો૦

વંદ્રાવનને ચોકે રમતાં, કુડાં વચન કોણ બોલ્યો. હો૦
પ્રીત કરી પણ કરતાં ન આવડી, નંદ આહીરનો છોરો. હો૦
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર આવ્યને નટવર ઓરો. હો૦

(૨૮)

ગિરધરલાલજીરે મારી ગાવડલી સંભળાવો.
સાંજ પડે સંભારી લાવો. આડે રહી દોવરાવો.
દુધ ભાતમાં સાકર ભેળું, વાળુ કરવા આવો. ગિરધર૦
વાણામાં તમે વહેલા ઉઠો, શેર વલાણું સાવા;
ઘી તાવણીમાં લોટ શેકાવું, ખાંડ ભેળીને ખાવા. ગિરધર૦
ઘરમાં નથી કોઇ નાનું મોટું, કોઇની બીક નવ ધરીએ;
એક રાત વાસો આવો તો, બોલાચાલી કરીએ. ગિરધર૦
ગોવાળીઆને ગર્વ શો છે, જે તેડે ત્યાં જઇએ;
નરસૈયાનો સ્વામી મળે તો સૌ,વાતે સુખીઆં થઇએ ગિરધર૦

(૨૯)

ઓ જશોદાજી આવડો લાડકવાયો લાલ ન કીએએ.
આહો ત્યાં સુધી સુતના પ્રેમ ચરીત્ર દેખાડી દીજીએ. ટેક૦
વાલે કૌતક કીધું મંદીરમાં,
એણ માખણ પેડા લીધો કરમાં;
એણે માકડલાં ઘાલ્યાં ઘરમાં. ઓ જશોદાજી૦
વાલો સંતાડયાં શોધી કહાડે,
કેમ ઉંચાં પણ હેઠા પાડે;
વાલો સુતાં બાળકનાં અંગ મોડે. ઓ જશોદાજી૦
આસો બાંધ્યા વાછરૂ છોડી મેલે
બધી ગોરસ દૂર થઇ ફેડે. ઓ જશોદાજી૦

દયા પ્રીતમને સ્વામી રસીયો,
દધી ગોરસ પર આવે ધસીઆ;
ધન્ય ભાગ્ય અમારાં વ્રજમાં વસીયા   ઓ જશોદાજી૦

૩૦

ગોપિકા વિરહ.

મારા સ્વામી આવોને વહાલા,
સતાવો છો શાને નંદલાલા.   મારા૦
રાસ રૂડા વૃંદાવન રમતાં,
વિયોગે ગોપિકા અકળાતાં   મારા૦
વાલમજીને ખોળું વનવનમાં,
તાલાવેલી લાગી છે તનમાં.   મારા૦
મળી હશે ધુતારી તમને,
નથી દેતી મળવાને અમને.   મારા૦
રોઇ રોઈ આંખલડી રાતી,
કાનુડાની વાટલડી જોતી   મારા૦
પ્રભુ અમે મહેણાં નહિ દઇએ,
મુંખડું તમ જોઇરે મલકાઇરે.   મારા૦
ભુલ્યાં સ્વામી આવો ગિરધારી,
દેવ તણા સ્વામી મોરારી.   મારા૦

(૩૧)

આજની ઘડી રળીઆમણી,
હાંરે મારો વાહુલાજી આવ્યાની વધામણીજીરે. આજ૦ ટેક
હાંરે સોહાસેણુ વેરોની સાથીઆ,
હાંરે ઘેર મલપતા આવે હરિ હાથીઆજીરે. આજની૦
હાંરે સખી આલેરા વાંસ વઢાવીએ,
હાંરે મારા વાલાજીના મંડપ રચાવીએજીરે. આજની.
હાંરે સોહાસેણુ ચાર તેડાવીએ,
હારે મારા વહાલાજીને મોતીડે વધાવીએ જીરે. આજની.
હાંરે સોહાસેણુ મળશે જે ઘડી,
હાંરે મારા પ્રભુજી પધારે તે ઘડી જીરે. આજની૦
હાંરે મળ્યા દાસે રાજેના સ્વામી ફાંકડા,
હાંરે હું તો મોહી રહી મુછના આંકડા જીરે. આજની૦

---

(૩૨)

નાગર નંદજીનો લાલ નાગર નંદાજીનો લાલ,
રાસ રમંતો મારી નથની ખોવાઇ. નાગર૦
સોના કેરી નથની ને સોના કેરા તાર,
ફરતાં મોતી પરોવીયાં છે, માંહી હીરા હાર. નાગર૦
નાની નાની નથની ને મોટાં મોટાં મોતી,
વંદ્રાવનને મારગ જાતાં તમારાં પગલાં જોતી નાગર૦
ફુલ વીણતાં ફુલવાડીમાં ફુલ નંખાયાં પાડી,

(૩૫)

નંદાજીના છૈયે મારી નથની ભૂલાડી. નાગર૦
તેલ મંગાવું ને કડા કરાવું કહોતો સોગન ખાઇએ,
નથની વિના તો અમે દાઝયાં દાઝયાં ફરીએ. નાગર૦
નથી ખાવાં નથી પીવાં જમવા નથી કાંયે,
નથની આપો તો તમને લગી લગી લાગુ પાયે. નાગર૦
આંબા ડાળે કોયલ બોલે ડુંગરે બોલે મોર,
નથની ખોવાણી તેનો સામળીયોજી ચોર. નાગર૦
મહેતા નરસૈયાનો સ્વામી સમગીરો અમે તમારાં દાસ,
નથની આપો તો તમને લગી લગી લાગું પાય. નાગર૦

---

(૩૩)

ચાલો સખી વંદ્રાવન જઇએ, મોહન મળશે વાટેરે;
હાસ્ય વિનોદ કરીશું હરિ સાથે, જળ જુમનાંજીને ઘાટેરે. ચા૦
શિવ સનકાદિક ઓર બ્રહ્માદિક, રટણ કરે દીન રાતેરે;
તે મારો વાલો વ્રીજ વનિતાનો, બોલે સખીની સાથેરે. ચાલો૦
મોટારે મોટા મહા મુનિજન, દેહ દમે હરિ માટેરે;
સુપને નહિ દરશન હો સજની, મળશે માખણ માટેરે. ચાલો૦
ધન ગોવરધન ધન જુમનાં ત્રટ, ધન આ શરદની રાતરે;
ધન ધન ગોપી ગોવાળની મંડળી, ધન ધન જશોદા માતરે.
મુસ્તક મુગટ ધર્યો મારે વહાલે, હાર ઝળુકે કંઠેરે;
નરસૈયાના સ્વામીની સંગ રમતાં, વિનતા ગઇ વૈકુંઠેરે. ચાલો૦

(૩૪) ૦

વાગે છે દેણુ વાગે છે, વંદ્રાવન મોરલી વાગે છે.
એનો શબ્દ ગગનમાં ગાજે છે. વંદ્રાવ૦
હું સુતી'તી છે મારી ભર નિંદ્રામાં, દેરણ નણદી જાગેછે. વંદ્રા૦
વંદ્રા તે વનને મારગ જતાં, દાણ દધીનાં માગે છે. વંદ્રાવન૦
વંદ્રા તે વનની કુંજ ગલનમાં, ગોપીઓને રાસ રમાડે છે. વં૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધના ગુણ,
ચરણ કમમળ ચિત્ત લાગે છે. વંદ્રાવન૦

(૩૫)

વ્રિજવાસીરે ગોકુળવાસી વાંસલડીવાળો વ્રિજવાસી.
મથુરાંમે વહાલે જન્મ લીધો છે, ગોકુળમાં ગયા નાસી. વાંસ૦
મથુરાંમે વહાલે મામાને માર્યો, ગોકુળમાં મારી માસી. વાંસ૦
માતા જશોદા આનંદ પામ્યાં, પુરણ પ્રગટયા અવિનાશી. વાંસ૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
ચરણકમળની હું દાસી. વાંસલડી૦

(૩૬)

હાંરે દેખો સખીનો ડોલરીઓ, કાળંદરીને કાંઠલે ઉભોરે.
પ્રાણજીવન રૂડું પહેર્યું પિતાંબર,
હાંરે મોર મુગટ મનોહર ધરીયો. કાળંદરી૦

વાંસળી વગાડે ને મોહ પમાડે,
હાંરે જુઓ ચાળો જાદુડાનો ભરીઓ. કાળંદરી૦
બીને વાને પણ ભલો શોભે છે,
હાંરે પેલો ગુંજાનો હાર કેડયે કરીઓ. કાળંદરી૦
ચઢનારો નારીયો તો કહે છે વટકારો,
હાંરે મને લાગે છે ડહાપણનો દરીયો કાળંદરી૦
માંકડાં લેઇને માખણ માગવા,
હાંરે મારા ફળીયામાં ઘેર ઘેર ફરતો. કાળંદરી.
કઇકવાર આંગણે નાચતો નાનકડો,
હાંરે પેલો કાન કુંવર કેશરીઓ. કાળંદરી૦
રંગીલો નાથ ઋષિરાજનો રૂપાળો,
હાંરે એતો આપણે કાજ અવતરીઓ કાળંદરી૦

---

(૩૭)

પદ ૨ જુ.

હાંરે કાળાજીની વાત કોને કરીએ, ગોવાળીયે ઘેલાં કીધાંરે. ટે
ચીતડલાં ચોરીયાં ને કાળજડાં કોરીયાં,
હાંરે એને વિજોગે રોઇ રોઈ મરીએ. ગોવાળીયે૦
વગર વાંકે શીદ કીધાં વશીકણ,
હાંરે છોગાંવાળે જસોદાને છેયે. ગોવાળીયે૦
વાંસે ફરીયે તો કરે લોકલડાં વજારત,
હાંરે ઘેર ડુમો જામી જાય હેયે ગોવાળીયે૦

ઉંઘલડી નાવે ના ભાવે ભોજનીયાં,
હાંરે નથી બાકી રાખ્યું નીરહૈયે. ગોવાળીયે૦
આંધળાં ભીંત કરી નાખ્યાં આહીરડે,
હાંરે સખી ઝાઝું કહેતાં વન જૈયે. ગોવાળીયે૦
દુધલડે પેટ સખી ભરીયે દયાળનાં,
હાંરે એનાં કામણ વાળે તો ગુણ ગ્રહિયે. ગોવાળીયે૦
રંગીલો નાથ ઋષિરાજનો રૂપાળો,
હાંરે એને ન્યાળીન્યાળીને ન્યાલ થઇયે. ગોવાળીયે૦

(૩૮)

પદ ૩ જું.

હાંરે વાલીડે વાંસળી વગાડી,
અથાહ નાદ આતે કેવોરે. કાનુડે મોરલી વગાડી. અથાહ.
વાહ વાહ વાંસળી ધન્ય તારી વાંસળી,
તેંતો લાખેણી મોહની લગાડી. અથાહ૦
ધેન્યોના મુખમાં ધન્ય રહ્યાં તરખલાં,
હાંરે નાગ ડોલે નવે ફુળ દહાડી. અથાહ.
આંચળ મુખે ને થયાં ખગાકાર વાછડાં,
હાંરે નાખે કુપળીઓ જમનાની ઝાડી. અથાહ૦
જમનાનાં નીર થીર થઇ ગયાં જાણીએ,
હાંરે મોહ પામ્યાં જમનાં મારી માડી. અથાહ૦

પેઉ પેઉ બંધ થયાં મોહ્યાં પંખીડલાં,
હાંરે કેનો આચરો તે બોલ શકે કાઢી. અથાહ૦
વાંસળીનો નાદ સુણી ઉતરી સમાધી,
હાંરે મહાદેવજીએ આંખડી ઉઘાડી. અથાહ૦
રંગીલો નાથ ઋષિરાજનો રૂપાળો,
હાંરે જાઉં વારણીએ વધો એની વાડી. અથાહ૦

(૩૯)

રાગ કાલેરો.

રાસ રમે રાધાને માધવ નૌતમ નાદ ઉચારેરે,
ફરતું ગાન કરે ગોપીજન તનમન તાપ નિવારેરે. રાસ૦
મુસ્તક મુગટ ધર્યો મારે વહાલે, કુંડળ ઝળકે કાનરે,
હસતું વદન સરદ શશી સુંદર લોચન કમળ સમાનરે. રાસ૦
હાવ ભાવ રસભેદ ભામની લીલા લહેરે વધાવીરે;
પ્રીતમનો સ્વામી શામળીઓ આનંદ અખંડ વિહારીરે રા૦

(૪૦)

રાગ કેદારો.

આવ્યાંરે આશે ભર્યાં, વાલાજી અમે આવ્યાંરે આશે ભર્યાં.
શામળીઆ વાલા આવ્યાંરે આશે ભર્યાં.
સુંદર રજની વાલા સરદ પુનમનીરે, ઉત્તમ આસો માસ. વા૦

વેધાણું મન મારૂં કેમ પડે પાછું, તારી મોરલીએ મનડાં ઠર્યાં. વા૦
મોટા મોટા કુળની અમેરે માનુની અમને રમાડોને રાસ. વા૦
માતને તાત વિસાર્યાં મારા વલા, તે તો તમારેરે કાજ. વા૦
પુત્ર તજ્યોને પરિવાર તજ્યારે, તજી છે રે કુળ મરજાદ. વા૦
નરસૈયાના સ્વામીનો રંગમાં રમતાં, રૂજની કરી ખટમાસ. વા૦

(૪૧)

વૈશ્ણવ જનતો તેનેરે કહીએ, પીડ પરાઈ જાણેરે;
પર દુઃખે ઉપકાર કરે છે તો. મન અભિમાન ન આણેરે. વૈ૦
સકળ લોકમાં સૌને વંદે, નિંદા ન કરે કેનીરે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે તો, ધન ધન જનની તેનીરે. વૈ૦
સમદ્રષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેની માતરે;
જીહ્વાથી અસત્ય ન બોલે તો, પરધન નવ ઝાલે હથરે. વૈ૦
મોહ માયા વ્યાપે નહિ તેને, દ્રઢ વૈરાગ જેના મનમાંરે;
રામ નામ તાળી શું લગી, તીરથ તેના તનમાંરે. વૈ૦
વણ લોભીને કપટ રહીત છે, કામક્રોધ નિવારીરે;
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં કુળ ઇકોતેર તાર્યાંરે. વૈ૦

(૪૨)

પ્યારી આજરે વૃંદાવન રાસ, રાધે રેન ગઈ;
રેન ગઈરે રાધે રેન ગઇ. પ્યારી૦
મારો સામળીયોજી ચતુરસુજાણ, મોરલી અધર ધરી. પ્યારી૦

સૌ ગોપીઓએ સજ્યા શણગાર, એકસો એક બની. પ્યારી૦
ઉગ્યો શરદપુનમનો ચંદ્ર, ખીલી જેમ કમલકળી. પ્યારી૦
ત્યાંતો સુરી નર મંગળગાય, બ્રહ્મા વેદ ભણે. પ્યારી૦
વાગે તાળ પખાજ મૃદંગ, ધમકે ઘુઘરડી. પ્યારી૦
હું તો ભૂલી પડી વનમાંય એળું કુંજગલી. પ્યારી૦
ત્યાંતો સુરદાસ જાય બલિહાર એ રસ જાય છલી. પ્યારી૦

(૪૩)

ડાકોરમાં વાગીરે મીઠી મોરલી,
એરે મોરલીએ મોહ્યાં ગુર્જરગામજો;
મોહ્યાંરે રંગીલા શ્રી રણછોડને;
વારીવારી જાઉં નટવર સુંદર શ્યામજો. ડાકોરમાં૦
સેવકો આવીને પાયે પડે,
ગાય ધવલને કરતાં સુંદર ગાનજો;
લાજ અમારી રાખો મારા કંથજી,
અમપર મહેર કરોને કાળા કાનજો. ડાકોરમાં૦
કાપ્યાં છે ગોકુળનાં દુઃખો તમે,
વૃંદાવન કીધું તું રે રળિઆમણું;
દવારિકા સોનાની જો સોહાયજો;
લાગ્યું છે ધ્યાનજ રાધાવર તણું. ડાકોરમાં૦
નમી નમીને કહીએ મારા નાથજો,
નમી નમીને જોડી બંને હાથજો;

વાલમજી વેગે વારે આવજો,
દેવ તણું મનડું છે તમ સંગાથજો   ડાકોરમાં.

—⁂—

(૧૪)

સાખી.

આવો હરિજન ભાવથી, ગાઇએ ગુણ જુગદીશ,
ભક્તિ કરીએ ભાવથી, કૃપા કરો હે ઇશ;
ધન ધન વ્રજની ભોમિકા, ધન ધન વ્રજની નાર,
શ્યામ સંગે ક્રીડા કરે, જે શું લીલા વર્ણવું અપાર;
રે સુંદીર વેણુ વાગે વેણુ વાગે,
સખી શરદ પુનમની રાતરે, સુંદીર વેણુ વાગે વેણુ વાગે.
મારો વહાલોજી રમીઆ રાસેરે. સુંદીર. ”
એના ઘુઘરીઆળા કેશરે. સુંદીર. ”
મારો વાલોજી નટવર વેશરે. સુંદીર. ”
ગોપી અતિ ઉતાવળાં આવેરે. સુંદીર. ”
આવી ચરણે શીશ નમાવેરે સુંદીર. ”
શ્રી વલ્લભ પ્રભુજીની પ્રીતેરે. સુંદીર. ”
રાસ રમતો છે રૂડી રીતેરે. સુંદીર. ”

—⁂—

સાખી.

(૪૫)

કેમ આવ્યાં તમે કામની, એમ બોલ્યા નંદ કિશોર;
અર્ધ નીશાએ વનમાં, હાંરે જેની વેળાએ ચાલે ચોર.
રે કામની કેમ આવ્યાં કેમ આવ્યાં,
આ વનમાં તે શું છે કામરે, કામની કેમ આવ્યાં કેમ આવ્યાં!
એમ બોલ્યા તે સુંદીરશ્યામરે. " " " " "
જાઓ જાઓને ગોપીઓ ઘરેરે. " " " " "
વેગે જાઓરે વેળા વહેછેરે. " " " " "
તમને લોકમાં લાંછન લાગેરે. " " " " "
તમારો પતિવ્રતાનો ધર્મ ભાગેરે. " " " " "
શ્રી વલ્લભ પ્રભુજી એમ કહેછેરે. " " " " "
સુખ સ્નેહની ધારા વહેછેરે. " " " " "

(૪૬)

(સાખી.)

તમે ભુવન તજાવીઆં, તમે તજાવ્યો સંસાર,
તમે આ વનમાં તેડાવીઆં, વહાલા તમે કરો તીરસ્કાર;
રે નંદજીના નંદલાલા નંદલાલા.
તમારી ચાલ જોઇ હું ચમકીરે, નંદજીના નંદલાલા નંદલાલા
મને વહેલું નથી ઠરકુંરે. " "

મેં તો મેલી છે લોકની લાજરે. ” ” ”
મારા વહાલા તમારે કાજરે. ” ” ”
મારા વહાલા દીસોછો સુજાણુરે. ” ” ”
આપો આનંદ રસનાં બાણુરે. ” ” ”
શ્રી વલ્લભ પ્રભુજી બલીહારીરે. ” ” ”
જાઉં ચરણ કમળ પર વારીરે. ” ” ”

—→⁂←—

(૪૭)

(સાખી.)

વચન સુણી વૃજનારનાં, ને થેઇ થેઇ રમીઆ રાસ;
રૂમ ઝુમ વાગે ઘુઘરી, વૃજ સુંદરીની પુરી વહાલે આશ.
રે ગિરિવર ગીરધારી ગીરધારી.

ફરતાં ગોપીઓને વચ્ચે વનમાળીરે, ગિરિવર ગીરધારી ગીરધારી
ગોપી હાથોહાથ લે છે તાળીરે. ” ” ”
ત્યાં જોવાને દેવતા આવ્યારે. ” ” ”
લઇ પુષ્પે પ્રભુને વધાવ્યારે. ” ” ”
રહ્યો શરદનો ચંદ્રમા સ્થિરરે. ” ” ”
ત્યાં જમુનાજી વહે છે ગંભીરરે. ” ” ”
મુખે તાથૈ તાથેતા બોલેરે. ” ” ”
વ્રજ વનીતાની વચ્ચે વાલો ડોલેરે. ” ” ”
કોઇ સખીનાં અધર રસ લૂટેરે. ” ” ”
વ્રજ વનીતાની અમૃત રસ છૂટેરે. ” ” ”

શ્રી વલ્લભ પ્રભુજીને જોઈરે. ” ” ”
મારૂં મનડું રહ્યું છે મોહીરે. ” ” ”
રાસ મંડળ થયો છે પુરોરે. ” ” ”
એમાં જરા નથી અધુરોરે. ” ” ”
શ્રી વલ્લભ પ્રભુજીની પ્રીતેરે. ” ” ”
રાસ રચ્યા છે રૂડી રીતેરે. ” ” ”

“ રાસનાં પદ. ”

આવ્યો આશો તે આનંદકારી,
અની આહારે લક્ષ્મીવર લીલાધારી;
શશી સોળ કળા શુભકારી,
અની૦ વન ફુલ્યાં ને શોભા સારી. ટેક૦
લીધી મોરલી હરિએ હાથે,
અની૦ તેડ કીધી ત્રિભોવન નાથે;
મોહ્યા શિવ વિરંચી ને શેષ,
અની૦ મોહ્યા પવન કરે ન પ્રવેશ. આવ્યો૦
મોહ્યાં શ્રી જમુનાજીનાં નીર,
અની૦ મોહ્યાં વચ્છ પીવે નહિ ખીર;
મોહી દ્રુમ લતા રાજ હેત,
અની૦ મોહ્યો ઉડધન ઇન્દુ સમેત, આવ્યો૦
મોહ્યા પશુ પક્ષી મચ્છ મીન,
અની૦ મોહ્યા રાગ થયા રસ લીન;

મોહ્યા જોગી મુનિ તપધારી,
અની૦ મોહ્યા નારદ ભુવન દશાચારી. આ૦પો૦
મોહી ગોકુળ ગોપ કુમારી,
અની૦ પ્રીતમના સ્વામીને પ્યારી. આ૦પો૦

(સાખી)

વેણુ વગાડી વિઠ્ઠલે, શ્રી વંદ્રાવન મોઝાર;
વ્યાકુળ થઇ વ્રજસુંદરી, જેને મળવા દેવ મોરાર.

પદ ૨.

મનમોહન મળવાને કાજે,
અની૦ લોપી લોક કુટુંબની લાજે;
અંગે અવળા સજયા શણગાર,
અની૦ નહિ દેહશું નેહ લગાર. મનમોહન૦
સીંથે કાજળ કુમકુમ ઘાલે,
અની૦ કીધી અડધી આડ લલાટે;
આંજી આંખડી એક અધુરી,
અની૦ પાયે પહેરી કંકણુ ચુડી. મનમોહન૦
પગનાં નેપુર કાને સોહાયાં,
અની૦ અવળાં આભુષણુ હાથે બનાવ્યાં;
ઓઢયો ચરણીઓ પહેર્યાંરે ચીર,
અની૦ ભુલી ભામની શુદ્ધ શરીર. મનમોહન.
ચાલી જે જેમ તે ત્યમ નાર,

અની૦ મૂક્યાં મંદિર પતિ પરીવાર;
મુકી ખાન પાન સુખ સેજ,
અની૦ મન વસ્યું હરિનું તેજ. મનમોહન.
મૂકી માયા તે મોહન માન,
અની૦ ધર્યું એક હરિનું ધ્યાન;
ચાલી ચતુરા વંદ્રાવન,
અની૦ ઉર ઉપન્યો અતિ આનંદ. મનમોહન.
આવીને જોયા નાગર નંદ,
અની૦ જોયા ગોપીવર ગોવિંદ;
આવી સનમુખ નામ્યું શીશ,
અની૦ બોલ્યા ગિરધર ગોકુળ ધિશ. મનમોહન.
પુરષોત્તમ જીવણ પ્રાણ,
અની૦ સ્વામી પ્રીતમના ચતુરસુજાણ. મનમોહન.

(સાખી)

મન જોવા માનુનિ તણું, બોલ્યા જુગદાધાર;
અડંધી નિશાએ કયમ આવીયાં, શ્રી વંદ્રાવન મોઝાર.

પદ ૩

તમે અરધી નિશાએ ક્યાંથી આવ્યાં,
અની૦ કહો કામનિ કોણે બોલાવ્યાં;
તમે માનુનિ મનમાં વિચારો,

અની૦ નહિ તારૂણી ધર્મ તમારો. તમે૦
જેણે અવર પુરૂષને વંધ્યા,
અની૦ તેને નીગમ કરેછે નિંદા;
હશે માત પિતા સુત ભ્રાત,
અની૦ પતિ પુછશે જ્યારે વાત. તમે૦
શો ઉત્તર દેશો નારી,
અની૦ જુઓ જુવંતી હ્રદયે વિચારી;
મહા ઘોર ભયંકર હેલી,
અની૦ માનો સત્ય વચન મૃગનૈણી. તમે૦
બોલ્યા પ્રેમે પ્રીતમનો સ્વામી,
અની૦ અલબેલાજી અંતરજામી. તમે૦

(સાખી)

ભાવન જાણો સર્વે ભામની, રાખી હ્રદયમાં રૂપ;
દર્શન કીધાં અમ તણાં, સુંદીર શ્યામ સ્વરૂપ.

પદ ૪.

ઉભી અબળા મહા દુઃખ પામી,
અની એ શું બોલ્યા અંતરજામી;
અમે નથી અજાણેરે આવ્યાં,
અની૦ તમે સાન કરીને બોલાવ્યાં. ઉભી૦
સાચી પ્રીત તમારીરે સાથ,
અની૦ વાંકા બોલ ન બોલો નાથ;

તમ જાત ભાત કુળ નાત,
અનીં૦ તમો માત પિતા સુત ભ્રાત. ઉભી૦
તમો જગપતિ જુગદીશ,
અનીં૦ તમો અખીલ ભુવનના ઈશ;
પરપુરૂષ તમો કેમ કહીયે,
અનીં૦ સદા શરણે તમારે રહીયે. ઉભી૦
સહુ તિરથનું ફળ એહ,
અની૦ નાથ તમો શું કરવો નેહ;
સ્વામી પ્રીતમના જદુરાય,
અનીં૦ દેહ પડતાં નેહ ન જાય. ઉભી૦

(સાખી)

વચન સુણી વનિતા તણાં, રીઝયા શ્રી ભગવાન;
પાસે તેડી પ્રેમદા, આપ્યાં આદરમાન.

પદ ૫.

રાસ મંડળ ઋષિએ કીધો,
અની. નટવર વેશ હરિએ લીધો;
ફુલ્યાં કનક કમળ વિનતાય,
અનીં૦ મધ્યે મધુકર ગોકુળરાય. રાસ૦
સુખ શોભા વર્ણવી ન જાય,
અની. નિગમ નિરંતર ગાય;
સૌ ચતુરા રહી ચોપાસ,

અનીo રશીએ રચ્યો છે રાસ વિલાસ. રાસo
ગોપી ગીત મધુરાંરે ગાય,
અનીo વચ્ચે વાહોજી વેણુ વાય,
તાલે તાલનું તાન મીલાવે,
અનીo નારી નયણાંમાં નેહ લગાવે. રાસo
એકાએક અંબુજ આકારે,
અનીo હર શોભે છે ગજુબંધ માંહે;
એવી અદ્‌ભુત લીલા અપાર,
અનીo માને માનુની રાસ વિલાસ. રાસo
આવ્યું અબળાને અભિમાન,
અનીo હરિ થઈ ગયા અંતરધ્યાન;
સ્વામી પ્રીતમનો પ્રેમ સ્નેહ,
અનીo રહ્યા અંતર ઓથો લેઈ. રાસo

(સાખી)

અંતર ઓથો લેઇ રહ્યા, અખીલ ભોવનના ભુપ;
અખંડ વિહારી વાલમો, અકળ અનંત સ્વરૂપ.

પદ ૬.

શોક સુંદરી પામી અપાર,
અનીo તે તો આવ્યાં આવડે અહંકાર;
જેમ ધનવંત હોય નીરધન,
અનીo તેમ થઇ જુવતી જન. શોકo

પુછે દ્રુમલતા દ્રુમવેલી,
અની૦ કંઇ દીઠા શામ સાહેલી;
પુછે વૃંદ્રાને વિશ્વાસે,
અની૦ પ્રભુ છે કાંઇ તારી પાસે. શોક૦
માનુની મૃગ મોરને પુછે.
અની૦ ના આપો ઉત્તર શું છે;
શે ના બોલો દ્રુમ ઉદાશી,
અની૦ જોયા નારદે તિરથવાશી, શોક૦
એવાં વચન કહેતી અનેક,
અની૦ જોતી ચરણકમળ રજ રેત;

થેઇ થેઇ રાસ રમાડો મારા વાલા,
રાસ રમ્યાના કોડ મારા વાલા;
ગોકુળીયે લઈ ચાલો મારા વાલા,
ગોકુળથી વંદ્રાવન રૂડું,
તે મુજને દેખાડો મારા વાલા. થેઇ થેઇ૦
જાદવ જુમનાને કાંઠડેરે વાયો વેણુ રસાળ,
નાદનાં મોહ્યાં ગોપી નીસર્યાંરે;
ઘેર રોતાં મેલ્યાં નાનાં બાળ મારા વાલા. થેઈ થેઈ૦
એક ગોરી બીજી સામળીરે, ત્રીજી કુમકુમ લોળ,
રાધા ને માધવ રાસ રમેરે;
થઇ રહ્યા ઝાકમઝોળ મારા વાલા. થેઈ થેઈ૦

આસો માસનું અજવાળીયુંરે, શરદ પુનમની રાત;
અવળાં આભુષણ ઓઢીયાંરે,
નેપુર ભરાવ્યાં કાન મારા વાલા,
ગાય શીખે ને સાંભળેરે, રાધા હરિનો રાસ;
તે નર વૈકુંઠ પામશેરે,
ગુણ ગાય નરસૈયો દાસ મારા વાલા. થેઇ થેઇ૦

રાસનાં પદ સમાપ્ત.

---

(૪૮)

દાણ લીલા.

લીલુડા વાંસની વાંસળીરે વાય,
કાનો ગોકુળમાં ચારે ગાય;
કાનજી ગોકુળમાં ચારે છે ગાય,
ગોકુળની ગોપી મહી વેચવાને જાય;
કાનો આવીને પાલવ સહાય,
મુકો મુકો કહાનજી અમારાં ચીર;
હું તારી બેનડીને તું મારો વીર,
કોની બેનીને ગોપી કોનો છે ભાઈ;
તારેને મારે શી છે સગાઇ,
છેડો છોડાવી ગોપી ચાલીરે ગઇ;
માતા જશોદા પાસે ઉભીરે રહી,
સુણો જશોમતી તમારો કાન,

મારગ વચ્ચે માગે છે દાણ.
દાણ માગે ને મહી લુંટીરે ખાય,
એવા ગોકુળમાં કેમ રહેવાય.
જાવ જાવ ગોપીઓ તમારે ઘેર,
કા'નો આવશે ત્યારે પુછીશું પેર.
દુઝણચારીને કા'નો આવ્યો છે ઘેર,
માતા જસોદાજી પુછે છે પેર.
બળ્યું બળ્યું કહાનજી આ શી તારી ટેવ,
રોજ રોજ ઠપકા આવે છે ઘેર.
મા વંદ્રાતે વનમાં વાંસળીરે વા'ય,
સાત પાંચ ગોપીઓ ભેગીરે થાય.
એક આવે તે મારો મુગટ લઈ જાય,
બીજી આવે તે મારી મોરલી સહાય.
ત્રીજી આવીને લાગે છે પાય,
એવા ગોકુળમાં કેમ રહેવાય.
પ્રીતમના સ્વામીને પાવાને મહી,
ગોકુળથી ગોપી વંદ્રાવન ગઈ.

(૪૯)

દાણ લીલાના ગરબીઓ.

હાંરે દાણ માગેરે દાણ માગે
હાંરે તારી મીઠડીના બોલ બાણ વાગેરે. દાણ૦

(૫૪)

હાંરે કાન કીયા મુલકનો સુબો,
હાંરે મારા મારગ વચ્ચે ઉભોરે. દાણ૦
હાંરે કાન કીયા મુલકનો રશીયો.
હાંરે મારા મારગ વચ્ચે વશીયોરે. દાણ૦
હાંરે કાન કીયા મુલકનો દાણી,
હાંરે મારી નવરંગ ચુંદડી તાણીરે. દાણ૦
હાંરે કાન કીયા મુલકનો મહેતો,
હાંરે મારા મારગ વચ્ચે રહતોરે. દાણ૦
હાંરે કાન જળ જમુનાંને આરે,
હાંરે એમાં કોણ જીતે ને કોણ હારેરે. દાણ૦
હાંરે કાન નથી સાકર નથી મેવા,
હાંરે ખાટી છાશમાં શું આવ્યો લેવારે. દાણ૦
હાંરે મહેતા નરસૈયાના સ્વામીને વારી,
હાંરે ગઉ ગોવાળીઆમાં ચારીરે. દાણ માગે૦

(૫૦)

જાવા દો મને શીદને રોકો છો વાટમાં,
હાંરે દાણ લેવા સરખા નથી ઘાટમાં. જવાદો. ટેક૦
આજ તો અમારે પ્રભુ કામનો દિવસ છે,..
હાંરે મારે એકલાં જવું છે નાતમાં. જાવાદો૦
મારારે સમ મારી ગાગેર નંદી,

હારે જળ ભરવાં જુમનાજીના ઘાટમાં. જવાદો૦
સઘળી સઇયરો ઉભી જમનાના તીરમાં,
હારે એને વચન આપ્યાં છે હાથમાં. જવાદો૦
મોતીના નાથને સંગે લેઇને,
હારે મારે જાવું સૈયરોના સાથમાં જવાદો૦

---

(૫૧)

જમીન પર જળનાં દાણ કોણ લે છે,
હારે નથી જાણ્યું લેવાવાળો રહે છે. ટેક૦
નથીરે સાંભળ્યું પૃથ્વી ઉપર.
હારે લેવાવાળો અહીંઆં કોણ રહે છે. જમીનપર૦
નિત્ય નવા નવા ચાળા કરે છે,
હારે એવી કોણ શીખામણ દે છે. જમીનપર૦
વચન કાઢો છો પ્રભુ વઢ્યા સરીખાં,
હારે કોણ વસ્તી તમારીમાં રહે છે. જમીનપર૦
મોતીના નાથને એમજ કહીને,
હારે ગોપી રસ્તો ગોકુળનો લે છે. જમીનપર૦

---

(૫૨)

છબીલી દાણની રીત કોણે કાઢી,
હારે દાણ આપો છબીલી નારી. છબીલી૦
શ્રી જુમનાજીના મોટારે આરે,

હાંરે જળ ભરવાને આવો દહાડી. છબીલી૦
વંદ્રાવનને મારગ જાતાં,
હાંરે હું તો લેઈશ લાજ તમારી. છબીલી૦
એવાં વચન પ્રભુ કોઇએ ન સાંખે,
હાંરે એતો સાંખે તે પરણી નારી. છબીલી૦
મોતીના નાથને સરવશ સોંપ્યું,
હાંરે ગોપીકાજી કર્યા છે મોરારી. છબીલી૦

(૫૩)

હું વાત કહું ઉભાં રહોને અલબેલી,
હાંરે દાણ રીતનાં ઘટે તે જાઓ મેલી. હું વાત૦ ટેક.
ક્યાંથી આવો છો આજ રૂમઝુમ કરતાં,
હાંરે આજ ક્યાં છે સંગની સાહેલી. હું વાત૦
ઘુંઘટ તાણીને શું જોરમાં જાઓ છો,
હાંરે નથી દેતાં જવાબ મન મેલી. હું વાત૦
ધ્યાન ધરીને શું ધ્યાનમાંરે જાઓ છો,
હાંરે આજ બોણી કરવીછે મારે પહેલી હું વાત૦
મોતીના નાથને તું છું રે પ્યારી,
હાંરે ઘણે દહાડે થઈ છું આજ ભેળી. હું વાત૦

(૫૪)

રાગ—(શોકલડીનું સાલ મારે મોટું.)

શોકલડીએ વેર આ શું લીધું, ઓ બેની જોને ટેક૦
શોકલડીએ વેર આ શું લીધું.
અરેરેરે વીંછુડી થઇ વિષ લીધું, ઓ બેની જોને,
શોકલડીએ વેર આ શું લીધું.
પારિજાતકનું પુષ્પ, લાગે રઢીઆળું વહાલા;
પિયુડે તો રાજાને જઇને દીધું. ઓ બેની જોને૦
જેહ નાવલીઆને, ઘણી ઘણી નારી વહાલા,
પ્રેમ તણું પાન નવ પીધું. ઓ બેની જોને૦
ક્યારે જઇએરે, એમ ઉભાં બળી મરીએ વહાલા,
કલેજામાં બાણ માર્યું સીધું, ઓ બેની જોને૦
મીઠું મીઠું બોલીને, ભરમાવી ભોળી વહાલા,
કાનુડાએ કામણ કીધું. ઓ બેની જોને૦
દેવનો સ્વામી પ્રભુ દીન દયાળુ વહાલા,
આવીને રે શિરને શું છેદ્યું. ઓ બેની જોને૦

---

(૫૫)

રાગ-(ઓધવજી સંદેશો કહેજો શ્યામને.)

શ્રીકૃષ્ણ— રમવાને આવો સત્યભામા સુંદરી,
ઉગ્યો પુનમનો ઇંદુ જો આકાશજો;

કામણગારી કામણુથી નયનો ભરી;
રૂમઝુમ રૂમઝુમ ઝાંઝરને ઝમકાવજો. રમવાને૦

સત્યભામા—રમવાને આવું રે શું હું શ્રી હરિ,
જેના પિયુનો પરઘરમાં છે વાસજો;
સ્વપ્ને ના સુખ દીઠું મેં તો જો જરી,
પ્રીત કરતાં પસ્તાણી છું આજ જો. રમવાને૦

શ્રીકૃષ્ણ— ઘેલાં નારી ઘેલું શું બોલો તમે,
તમ વિણ વહાલી નહિ કોઇ વ્રજની નારજો;
મારો છો મેણલડાં તેવા શું અમે,
રજા વિના ના જાતો ઘરની બહારજો. રમવાને૦

સત્યભામા—પારિજાતકનું ફુલ શું લાવ્યા સ્વર્ગથી,
મસમસતું મોંઘેરૂ મોઘા મૂલજો;
દીધું તે રાધાને વહાલી તો ગણી,
દિલડામાં સળગી છે મોટી આગ જો. રમવાને૦

શ્રીકૃષ્ણ— એથી અદકાં લાવીશું ફુલ સ્વર્ગથી,
પછી તમારે કહેવાનું શું હોયજો;
ચાલોને જઇએ સ્વર્ગ ભવનમાં,
અંતરમાં ના આણો જરીએ રોષ જો. રમવાને૦

કવિ— મનાવવા સત્યભામા સ્વર્ગે તે પળ્યાં,
લાવ્યા ફુલો ને મનની પૂરી આશ જો;
રચના આ કીરતારે તો કવી કરી,
દેવતણો સ્વામી છે છેલ છબીલો જો. રમવાને૦

(૫૬)

વસ્ત્ર હરણ લીલા.

રાગ—(નહિ મેલું હો નંદના લાલરે છેડલો નહિ મેલું.)

ગોપીકાઓ—

આપો આપો જસોદાના બાળ, ચીર હમારાંરે;
અમે મુખડેથી દઈશું ગાળ, ચીર હમારાંરે.
જળક્રિડા જળ જમુનાં મધ્યે, કરવા સખીયો આવ્યાંરે;
વ્રતધારીનાં વસ્ત્ર હરીશું, શીદ અમને તલસાવો. ચીર૦

કૃષ્ણ—

વ્રજબાળાશું આળ ચઢાવો, નથી અમો લુટારારે,
વસ્ત્રો લઈ સાચવવા બેઠા, આવો લ્યોને તમારાં. ચીર૦

ગોપીકાઓ—

કરો અનીતિ શું અલબેલા, લાગી તમારી માયારે;
જળ મધ્યે જબકોર્યાં અંગો, થરથર ધ્રુજે કાયા. ચીર૦

કૃષ્ણ—

મંદહાસ્યની મગરૂરીમાં, શું બોલો છો વાંકુરે;
એકે એકે લ્યોને અહીંથી, વસ્ત્રો હું તો મૂકું. ચીર૦

ગોપિકાઓ—

પરનારીની નગ્નાવસ્થા, જોતાં દુનીઆં લાજે રે;
શાસ્ત્રો સાખ ફ્રુડેરી આપે, કહું છું હું તમ કાજે. ચીર૦

કૃષ્ણ—

જગદંબા પુજન વ્રત લઈને, જળે ઉઘાડાં નાહતાંરે;

થયાં દેવ તણાં અપરાધી, માટે લેજો બીતાં. ચીર૦

ગોપીકાઓ—

કૃષ્ણપ્રભુના કહેવા મુજબ, જોડી બંને હસ્તોરે;
દેવ કહે છે વસ્ત્રો લઇને, ગોપી થયાં મદમાતાં. ચીર૦

(૫૭)

મારૂની સાખીઓ.

મારૂ તારા દેશમાં, દીઠાં ત્રણ રતન;
એક મારૂ બીજો ઢોલીઓ, ત્રીજો કસુંબલ રંગ.
મારૂ મુસ્તક બેડુલાં, પગ દાઝે પંથ દૂર;
એક ના આવ્યો મેહુલો, મારી નદીએ ન આવ્યાં પૂર.
મારૂ જેસી પતલીયાં, જેસી ખાંડા ધાર;
સેજ પલંગપરથી લથડી, ટુકડા હુવા દો ચાર.
મારૂ નાહી ગંગાજળે, છુટા કેશ સુકાય;
ચંદન કેરે છોડવે, બાળો નાગ ઓળંબા ખાય.

(૫૮)

કુમકુમને પગલે પધારો રાજ કુમકુમને પગલે,
મસમસતા મોહનજી પધાર્યો, ડગમગતે ડગલે. પધારો૦
મસ્તક પાઘ પીતાંબર સોહીએ, લીલાંબર રંગલે. પધારો૦
મુખ ઉપર શ્રમ જળનાંરે મોતી, જોતાં મન હરિલે. પધારો૦

સાકર કેરા કરા પડ્યા છે, આંગણીએ સઘળે; પધારો૦
દુધડે મેહ વઠ્યો નરસૈયા, રસ વાઠ્યો ઢગલે. પધારો૦

(૫૯)

મને કૃષ્ણ જોયાના કોડ સહીઅર ચાલોરે,
રૂખ્મીયાજીને લાગુ પાય હરિવર આલોરે.
ડેરે ડેરે દીવા કરૂંરે, પુજું શંકર દેવ,
શામળીઓ વર પામવારે, હું તો કરૂં શંભુજીની સેવ. સહી૦
ગોકુળની ગોવાલણીરે, ચાલે મલપતી ચાલ;
તેના ઉપર મોહન મોહી રહ્યારે, એનું મુખડુ લાલ ગુલાલ. સ૦
સાસુ અમારી જશોમતીરે, સસરો શ્રી નંદલાલ;
કંથ કોડીલો કાનજીરે, મારૂં સાસરૂ ગોકુળ ગામ. સહીયર૦
કાળંદ્રીને કાંઠડેરે, નાહતાં નીરમળ નીર;
વસ્ત્ર તે વિઠલો હરી ગયોરે, હું તો શેણે ઢાંકુરે શરીર. સહીયર૦
ચંદન ભરી તલાવડીરે, મોતીડે બાંધી પાળ;
કાનજી ધુવે રૂઢાં ધોતીઆંરે, રાણી રાધા પાણીડાંની હાર.સહી૦
ગાય શીખે ને સાંભળેરે, રાધા હરિનો રાસ;
તે નર વૈકુંઠ પામશેરે, ગુણ ગાયે નરસૈયો દાસ. સહીયર૦

(૬૦)

નારે આવ્યા બીજમાં ફરીને,
ઓધવજી વાહાલો નારે આવ્યા બીજમાં ફરીને.

પચ દિવસનો વાયદો કયોતો અમને,
ખટ માસ થયા છે હરિને. ઓધવજી૦
ગોકુળ મૂકીને વહાલો મથુરાં સધાવ્યારે,
રહ્યા છો કુબજા વરીને, ઓધવજી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર વહાલા,
રહ્યા છો ચિત્તમાં ધરીને. ઓધવજી૦

(૬૧)

કહેવાદેને કાન તારી માને કહેવાદેને કાન,
વહાણુાનો વઢવાડ વઢે છે રવિ ઉગમતે ભાણુ. તારી૦
બીવરાવો તેતો બીજીરે નારી, ખરૂ લોઢું આરસપહાણુ,તારી૦
વંદ્રાવનની કુંજગલીમાં, હલકું પીપળીઆનું પાન. તારી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરનાગર વાળ્યાં અમારાં વાન. તારી૦

(૬૨)

લીધુંરે લટકે મારૂં મન લીધુંરે લટકે ટેક૦
વંદ્રાવનમાં વેણુંરે વગાડે, વાંસતણે કટકે. મારૂં૦
માત્ર ભંગ કર્યા ગિરધારી, અમોને માર્યા છે ઝટકે. મારૂં૦
પાઘ પિતાંબર પ્રભુજીએ પહેર્યાં, મોહી હુંતો પીળુડે પટકે. મારૂં૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણુ ચરણુકમળ ચિત્ત અટકે.
મારૂં મન૦

(૬૩)

મારા મનગમતા મહારાજ, મારે ઘેર આવોરે.
હું તો તલસુ તમારી કાજ, હસીને બોલાવોરે—ટેક૦
વીલંબ ન કરશો વિઠલારે, આવો અમ ઘેર આજ;
પેર પેરનાં પકવાન પડાવું, ત્રિકમ તારે કાજ. મારે૦
મનને હતું જે માવજીરે, મુખથી કેમ કહેવાય;
આવી શકો તો આવજોરે, મારૂં જોતામાં જોબન જાય. મારે૦
આ જોને આંગણીએ ઉભા, રંગીલા રણછોડ;
રાધેના સ્વામી પ્રભુ અંતરજામી, પુરો મારા મનના કોડ.મારૂં૦

(૬૪)

સોરઠની સાખીઓ.

સોરઠ સુડો ન સરજીયો, ન ચઢયો ગઢ ગિરનાર;
ન નાહ્યો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર.
સોરઠ સિંહલ દેશની, જાત તણી પરમાળ.
બેટી તો રાજા રૂમની, તેને પરણ્યો રાયખેંગાર;
સોરઠ સિંહલ દ્વીપની, તપસી ઉભોરે દ્વાર.
ભિક્ષા દે રાણી સોરઠી, મારો સંઘ ચાલ્યો કેદાર;
સોરઠ રાગ સોહામણો, મુકસે મૂકયો કેમ જાય.
જ્યમ જ્યમ ભાગે રાતડી, તેમ તેમ મીઠો થાય.
હંસગતી મૃગ લોચની, સજ્યા સોળ શણગાર,
દાદા તોરાને રમે, જાણી વશ કીધો કીરતાર.

સોરઠવાસી દ્વારકા, દેખો ઉત્તમ દેશ.
મથુરાંમાં હરિ જનમીયા, વહાલો વસ્યો સોરઠ દેશ;
સોરઠ પાકયો આંબલો, સુડલો રહ્યો લોભાઈ,
ચંચે તો પસારી થીયા કરે, રાજ રંગ ભીન્નો કયાં જઇ,
સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ;
રત્નાગર સાગર ઘુઘવે, ત્યાં તો રાજ કરે રણછોડ.

(૬૫)

રાગ સોરઠ..

સોકલડીનું સાલ મારે મોટું,
ઓ બાઇરે ઘરમાં સોકલડીનું સાલ મારે મોટું;
અરેરેરે જીવ્યાનું મારે ખોટું. ઓ બાઇરે૦
સાસુ ધુતારી મારી નણદી ઠગારી વહાલા,
દીએરીયાને મેણલે મરીશું. ઓ બાઇરે૦
કુવે પાણી જઇશું અમે, ગળે ફાંસો ખાઇશું વહાલા;
જમનામાં જઇને પડીશું. ઓ બાઇરે૦
વિખડાં ગોળીને અમે ઝેરજ પીશું વહાલા,
કેડે કટારી મારી મરશું. ઓ બાઇરે૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર વહાલા,
ચરણમાં ચિત્તજ લઈશું. ઓ બાઇરે૦

(૬૬)

રાગ સોરઠ.

આ જોને કોઇ ઉભી રહે આળસ માંડે.
બાંયે બાજુબંધ બેરખી પાંચીરે,
મનડું મોહ્યું છે એને મોઢે. આ જોને૦
ઝાંઝર ઝમકે ને વિછવા ઠમકેરે,
ઉભા છેરે વાંકે અંબોડે. આ જોને૦
સુવર્ણ ઝારીને અતિશે સમારે,
માંહે નીર ગંગોદક તોલે. આ જોને૦
નરસિંહ મહેતાને વાલે પાનીડાં પાવારે,
હરજી પધાર્યા કોડે કોડે. આ જોને૦

---

(૬૭)

માછીડારે હોડી હલકાર, મન છે મળવાનું—ટેક.
તારીરે હોડીએ હીરલા જડાવું,
ફરતી મુકાવું ઘુઘરમાળ. મન છે.
સુનાંબી દઉંગી ને રૂપાંબી દઉંગી,
દઉંગી ગલનકો હાર. મન છે.
આણી તીરે ગંગાને પેલી તીરે જમનાં,
બીચમાં ખડો નંદલાલ. મન છે.
મન કરૂં મછવો ને તન કરૂં હલેસાં,
જીવ મૂકું રખવાળ. મન છે,

શાન્તિદાસનો સ્વામી રસીક શિરોમણી,
કૃષ્ણ ઉતારે પેલે પાર. મન છે.

(૬૮)

ઉભી તે આળસ મોડે,
આ જોને કોઇ ઉભી તે આળસ મોડે.
આળસ મોડે વળી અંગ મરોડે વહાલા,
ચાલ ચાલે છે થોડે થોડે. આ જોને૦
બાંય બાજુબંધ બેરખા પુંચી વાલા,
મનડુ મોહ્યું છે એને મોડે. ઉભીરે૦
ઝાંઝર ઝમકે વળી નેપુર ઠમકે વાલા,
હીંડે છે વાંકે સાંબોડે. ઉભીરે૦
સુવર્ણ ઝારી ને અતીશે અજવાળી વાલા,
માંહે નીર ગંગોદક તોલે. ઉભીરે૦
નરસી મહેતાજીને પાણી પાવા વાલા,
હરજી પધાર્યા છે હોંડે. ઉભીરે૦

(૬૯)

રાગ સોરઠ.

અની હોરે વાસ્યો સોરઠ દેશ, હોરે સોરઠીઆ શામળા;
મીઠા ક્યારે મળેશ, અમને તજ્યાં અલબેલડા. વાસ્યો૦
નાની ને વયમાં નાથજી, વાસ્યુ ગોકુળ ગામ;

વૃંદા તે વન રળીઆમણું, બનસીબટને તે ઠામ. વાસ્યો૦
મોહ ઓચ્છવ કીધો માવજી, તોળ્યો ગોવરધન,
ઈંદ્રનું માન ઉતારવા, રાખી નવ લખ ધન. વાસ્યો૦
વાલા કંસ હણવાને કારણે, આવ્યા મથુરાંની માંય;
કુબજાએ કામણ કર્યું, ફરી ના આવ્યા આંય. વાસ્યો૦
વાલા જુમનાંને તીર જાદવા, ચોર્યાં અમારાં ચીર;
દાણની મેશે દામોદરા, રાખ્યાં ગોપીનાં મન. વાસ્યો૦
વહાલા ગોકુળ ક્યારે પધારશો, સાચું કહોને શામ;
ઓધવના સ્વામીને વિનતિ, કહેજો પ્રેમે પ્રણામ. વાસ્યો૦

(૭૦)

કાનુડો માગેલો દેજો જશોદા મૈયા કાનુડો માગેલો દેજો.
આજની રૂજની અમે રંગભેર રમશું વહાલા,
પ્રભાતે પાછેલો લેજો. જશોદા૦
કલ્લાંને કાંબી વળી અણુવટ વિંછુવા વહાલા,
હાર તો હૈયા કેરો લેજો. જશોદા૦
હસ્તીને ઘોડા વળી માલ ખજાનો વહાલા,
વહેલો સજોડીને લેજો. જશોદા૦
કોમળ કોમળ કળીઓની સહેજ બિછાવું વહાલા,
સહેજ પલંગ પગ દેજો. જશોદા૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર વહાલા,
ચરણકમળ ચિત્ત લેજો. જશોદા૦

(૭૧)

મોરલીનાં બાણુ જોને વાગ્યાં
હો માડી મારી મોરલીનાં બાણુ જોને વાગ્યાં.
ઘરને આંગણે મને જરા નથી ગમતું વહાલા,
સંસારનાં સુખ મેં તો ત્યાગ્યાં. હો માડી૦
દિને નહિ ભૂખ વારી રાતે નહિ નિંદ્રા વહાલા,
ભાગ્ય પૂર્વેનાં મારાં જાગ્યાં. હો માડી૦
માત પિતા સુત કુટુંબ કબીલો વહાલા,
સગાંને સાગવાં મેં તો ત્યાગ્યાં. હો માડી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર વહાલા,
ચરણકમળ ચિત્ત લાગ્યાં. હો માડી૦

(૭૨)

કેદારાની સાખીઓ.

કેદારો જબ કીજીએરે, આધી રેની હોય;
હરિ જન હોયસો હરિ ભજે, મૂર્ખ રહેવે સોય.
કેદારો જબ કીજીએરે, મુખપર જપીએ રામ;
સર્વ રાગકો દેવતા, કેદારો ભગવાન.
કેદારો કુણ કુણ લવેરે, મોર લવે મલાર;
સોરઠ તો સુડલો લવેરે, હરિજન લવે ગોપાળ.
કેદારો અમઘેર પરણુલોરે, પુરવા મનના કોડ.
ધન્ય ધન્ય નાગર નરસૈયો, જેને ઘેર પધાર્યા રણછોડ.

કેદારો અમ ઘેર પરોણુલારે, શાં શાં ભોજન કરેશ;
ખીર ખાંડ ઘૃત ઘેબરાં, આંબા રસ ઘોળેશ.
કેદારો અમ ઘેર પરોણુલારે, શાં શાં મુખવાસ દેઇશ;
લવિંગ સોપારીને એલચી, પાનનાં બીડાં દેઇશ.
નદીઓ બે ગંગા બડીરે, તીર્થ બડા કેદાર;
વનસ્પતીમાં ચંદન બડોરે, રાગ બડો કેદાર.

કેદારો.

(૭૩)

સાંભળને સામળીઆરે વહાલા, મારે તમારે માયારે;
જો મહેતાજી જમવા નહિ આવે, તો તજીશ મારી કાયારે. સાંભ૦
કપટ નથી કાંઈ મારા મનમાં, મહેતાજીને સંદિર જાવુંરે;
હરખ ધરીને મારા મનમાં, હેતે હરિ ગુણ ગાઉંરે. સાંભ૦
નાગર તો સહુ જમવા બેઠા, કરમાં તે ચંબુ લીધારે;
અંતરજામીએ અરજ સાંભળી, નાગર ઢેડ કીધારે. સાંભળને૦
નાગર તો સહુ ધ્રુજવા લાગ્યા, કહોને કઇ પેર કરીયેરે;
મહેતાજીને નાત બહાર મૂકતાં, આપણુ વાત બહાર રહીએરે. સાં૦
માન મૂકી મનાવારે ચાલ્યા, મહેતાજી શરણે રાખોરે;
ભક્તતણો મહીમા છે મોટો, નિત્ય નિત્ય દર્શન દાખોરે. સાંભ૦
માન નથી કંઇ ભક્તના મનમાં, મહેતાજી જમવા આવ્યારે;
માનબાઇનો સ્વામી સામળીયો, તતક્ષણ ઢેડ સમાયારે. સાંભ૦

(૭૪)

કેદારો.

તું મારે ચાંદલીએ ચોટયો,
સારી મહુરતમાં સામળીઓ;
ક્ષણું એક વહાલા અળગા નવ થાશો,
પ્રાણજીવન વર પાતળીઓ. તું મારે૦
ખડકીએ જોઉં ત્યારે અટકીને ઉભો,
બારીએ જોઉં ત્યારે બેઠો રે;
શેરીએ જોઉં ત્યારે સનમુખ આવે,
વહાલો અમૃત થકી મીઠોરે. તું મને૦
જમતાં જોઉં ત્યારે જોડેરે બેઠો,
સુતાં જોઉં ત્યારે સેજડીએ;
જૂંદા તે વનને મારગ જાતાં,
આવીને વળગ્યો બેલડીએ. તું મારે૦
પ્રીત કરે તેની પુંઠ ન મૂકે,
રસ આપે અંત રસીયોરે;
નરસિંહનો સ્વામી ચતુર શિરોમણ,
મારા હ્રદયકમળમાં વસીયોરે. તું મારે૦

---

(૭૫)

કેદારો.

આવોરે અલબેલા વાલા મોહન મારા રસીયારે.

આવડી વાર તમે ક્યાં લગાડી, કોને તે મંદિર વસીયારે. આવો૦
તમને ટેવ પડી ઘરની, હવે તે શી પેર કરીએરે;
સંસારમાં કાંઈ સાર ન દીઠો, કેને તે જોઈ જોઈ ઠરીએરે.આવો૦
આજે પછી હરિ એવું ન કરીએ, લોક હસારત થાશેરે;
નરસૈયાના સ્વામી અમને તજશો, બીરદ તમારૂં જાશેરે. આવો૦

---

(૭૬)

રાગ વસંતની સાખી

વસંત આવ્યો હે સખી, અને ફુલ્યાં વૃક્ષ હજાર,
કેશર છાંટો છાંટણું ઉડે અબીલ ગુલાલ.

પદ ૧ લું.

હરે વાલો કેશર ગાગર લઈ ચલી
અલબેલી ઓ અલબેલીરે અલબેલી.
ઓ પતલી પનીઆર, કેશર ગાગર લઇ ચલી અલબેલી.
વાલા પાલવડો નવ ઝાલીએ મારે ફાટે,
ઓ મારે ફાટે ઓ મારે ફાટે.
ઓ મારો નવ રંગ ચીર.
વાલા હૈડે તે હાથ ન નાખીએ હાર તૂટે,
ઓ હાર તૂટે ઓ હાર તુટે, ઓ મોતી વેરાય કેશર.
વાલા વૃંદ્રાતે વનના ચોકમાં રાસ રમતાં
ઓ રાસ રમતાંરે રાસ રમતાં, ઓ ગોપીને કાન કેશર.
વાલા ભકત ભોવન પ્રભુ તમ વિના કોણ ધરાવે

ઓ કોણુ ધરાવે, રે ધરાવે, ઓ ધારણને ધીર કેશર.

સાખી.

વસંત આવ્યો હે સખી અને આંબે રસ ઝરંત
ગયો શીઆળો રૂતુ કરી આવ્યો માસ વસંત,

(૭૭)

પદ ૨ જું

ઓ કેમ ભરીએરે કેમ ભરીએ. ઓ જળ જમુના કો નીર
નંદ કુંવર કેડે પડયો કેમ ભરીએ.
હું તો ઓથ લઇ આથી રહું સામા આવે ઓ સામા આવે
રે, સામા આવે. ઓ નંદજીકો વીર નંદ૦
હાંરે વાલો તાકી મારે પીચકારીઓ આવી વાગે
ઓ આવી વાગેરે આવી વાગે ઓ મારા તનડામાં તીર. નંદ૦
હાંરે મને રોળી રોળી ગુલાબમાં વણસાડયાં
ઓ વણસાડયાંરે વણસાડયાં ઓ મારાં ચોરીને ચીર નંદ૦
હાંરે આરે દીવસ હોળી તણા; જાહરાયા
આને હરીયાંરે ન હરાયા હો હળધરજીકો વીર. નંદ૦
વ્યાસ દયાના સ્વામી શામળા, તેણે દીધી,
ઓ તેણે દીધીરે તેણે દીધી હો ધારણને ધીર નંદ૦

(૭૮)

વસંત.

શામરા મત ડારો પીચકારી,
પીચકારીરે, શામરા મત ડારો પીચકારી   ટેક
મત ડારો મરજાદસે રહીયો, મેં હું કન્યા કુમારી;
તુમ હો નિર્લજ હમ નહિ ઐસી, મુખસેં દેઉંગી ગારી;
ફેજેતી હોયગી તુંમારી   શામરા.
ઇતની હામ હૈયેમેં હો તો. પરનો નૌતમ નારી;
જાકે પઢાવો માત જશોદા, હજુ હું મેં બાલકુમારી;
ઢુંઢત વર માત હમારી.   શામરા૦
પરનારીકો પલ્લવ પકડયો, મોહન મન બિચારી;
માત તાત તોરા વૃદ્ધ ભયાહે, રાજ હે કંસકો ભારી;
કહું મુખસે બિસ્તારી.   શામરા૦
હીર ચીર નવરંગી ચુનરીયા, જીવન જોરસે ફારી;
સુર કહે અબલાકી બિનતી, મિલકે ફ્રીજકી નારી;
પીતાંબર લેઉંગી ઉતારી.   શામરા૦

---

(૭૯)

રાગ વસંત.

હાંરે ગાળો ખાનારી થૈ છે ગોવાલણી દાણ દેને.
હાંરે દાણ દેને રે દાણ દેને.
હાંરે નક્કી ચીરાશે ચીર, જોયા જેવું થશે જાણજે. દાણ૦

હાંરે ઘણા દહાડા ખોટા કરી નાશી ગઈ મહીવાળી,
હાંરે મહીવાળીરે મહીવાળી.
હાંરે નથી લાજ લગીર, ચાલે છે શું જોઇ ચડપથી. દાણ૦
હાંરે ચોકી કરીએ ચાર પહોર દહાડલે, આંહી ઉભા,
આંહી ઉભારે અહીં ઉભા.
સુકાઇ જાય શરીર, ચોકી અમારી છે ચાલતી. દાણ૦
હાંરે દુ:ખ વેઠ્યાના લઇએ છીએ દોકડા ગોપી ઘેલી,
હાંરે ગોપી ઘેલીરે ગોપી ઘેલી,
હાંરે નથી લાલ ફકીર, ધર્માદા નવ ધારજે. દાણ૦
હાંરે ઘણા ઠુંગા ફરે છે આ દેશમાં લુંટનારા
હાંરે લુંટનારારે લુંટનારા,
હાંરે નથી મેલતા નીર, દહિ દૂધ ખાઇ જાય દેખતાં દાણ૦
હાંરે રખવાળા માટે વનમાં રહ્યો વેણુ વાઉં છું
હાંરે વેણુ વાઉં છું રે વેણુ વાઉં છું,
હાંરે બીજો હળધર વીર, ગેડીવાળાં છે ગોવાળીયાં દાણ૦
હાંરે રૂષિરાજ કે રઢિયાળો રાજવી, ઉભો આગે
હાંરે ઉભો આગે રે ઉભો આગે,
હાંરે ધારી પુરણ ધીર, વિનતાને રોકી છે વિઠલે. દાણ૦

(૮૦)

પદ ૨ જું.

હાંરે બિવરાવી બિહે એતો બીજીઓ નંદલાલા
રે નંદલાલા રે નંદલાલા૦

હાંરે હેશે રોકડાં લાણુ કહીશું બધી વાત કંસને. નંદ૦
હાંરે ચીર તાણુતાં આપીશ ચુંટીઓ નિત્ય જાવું
હાંરે નિત્ય જાવું રે નિત્ય જાવું,
હાંરે દાંડિ માગો છો દાણ નહિ ઓશિયાળી હું નંદની. નંદ૦
હાંરે લાડવાયા હશો ભલે નંદને એમાં અમને,
હાંરે એમાં અમને રે એમાં અમને,
હાંરે બોલણે વાગે બાણ સાંખશે નહિ કોઇ સુંદરી. નંદ૦
હાંરે ચોકીદાર જોયા જોયા ચાવળા મોટું માણુસ
હાંરે મોટું માણુસ રે મોટું માણુસ,
હાંરે પાધરૂં પરમાણુ, કપટ કરીને કાળા થયા. નંદ૦
હાંરે રખવાળાં શીખ્યા કયા રોજથી વૃંદાવનમાં
હાંરે વૃંદાવનમાં રે વૃંદાવનમાં,
હાંરે આપીશું ઓળખાણુ, નથી પરદેશી કે પારકાં. નંદ૦
હાંરે બાળપણુમાંથી આવડા બોલકા કોણે કીધા,
હાંરે કોણે કીધા રે કોણે કીધા,
હાંરે વઢવાનું વાણ, હાંકવા શીખ્યા છો હોંશથી. નંદ૦
હાંરે રૂખિરાજના વહાલા ન રોકશો નથી નવરાં
હાંરે નથી નવરાં રે નથી નવરાં,
હાંરે ભાળો શિરપર ભાણુ, આવ્યા હવે અલબેલડા. નંદ૦

(૮૧)

પદ ૩ જું.

હાંરે રહેજે અળગોરે રહેજે અળગો, હાંરે ગત્ય વિના ગોવાળ,
માનવી થાવામાં માલ છે. :રહેજે અળગો૦
હાંરે જશોદાએ જણ્યો નથી, જાણું છું સર્વે તારૂં
હાંરે સર્વે તારૂં રે સર્વે તારૂં,
હાંરે મૂળને મંડાણ, વાંચી બતાવીશ વહિં બધી. રહેજે૦
હાંરે ઢોર ચરાવા તુજને ધાનીયા લીધો નંદે
હાંરે લીધો નંદે રે લીધો નંદે,
હાંરે વ્રજ માંહી વેચાણ, માંકડાં ચારવા માવજી. રહેજે૦
હાંરે પેટ વરાણીયે તું તો વાલમા ગાયો ચારે
હાંરે ગાયો ચારે રે ગાયો ચારે,
હાંરે એમાં અમને શો પાડ, આવડી નહિ ચાલે આંમલી.રહેજે૦
હાંરે જશોદાજીને ઝાઝુંરે શું કહીએ, તને કીધાં
હાંરે તને કીધાં રે તને કીધાં,
હાંરે લુખાં લુખાં લાડ, માટે ફરે મહી માગતો. રહેજે૦
હાંરે નારી હત્યા લીધી તેંતો નિર્દયા નાનપણમાં
હાંરે નાનપણમાં રે નાનપણમાં,
હાંરે લીધા પુતનાના પ્રાણ, વાતો ફેલાણી છે વિશ્વમાં. રહેજે૦
હાંરે ઝેરીલા ઝેર જમનાનું તેં પીધું નથી સારો
હાંરે નથી સારો રે નથી સારો,
હાંરે દહિં દૂધનાં દાણ, સાંભળ્યાં નથી સૃષ્ટિમાં રહેજે૦

હાંરે રૂષિરાજના વાલ્યમા રાનમાં નવ કરીએ
હાંરે નવ કરીએ રે નવ કરીએ,
હાંરે અબળાથીરે આળ, આમાંથી નહિ વધે આબરૂ.રહેજે૦

(૮૨)

પદ ૪ થું.

હાંરે મહીવાળીરે મહીવાળી હાંરે નથી લાજ લગીર
મારે છે મુજને મેણુલે. મહીવાળી૦
હાંરે તારા કંસના કાંધને કાપીને કરૂં કટકા
હાંરે કરૂં કટકા રે કરૂં કટકા,
હાંરે ગજવું ઘમસાણ, એજ માટે હુંતો અવતર્યો. મહી૦
હાંરે આખા વિશ્વનો રાજા હું વેવલી સુણય વાણી
હાંરે સુણ્ય વાણીરે સુણ્ય વાણી,
હાંરે આપું છું ઓળખાણ, ચેતી શકાય તો ચેતજે. મહી૦
હાંરે સ્ત્રી હત્યારો ઝેરીલો આજ તેં કહ્યો મુજને,
હાંરે કહ્યો મુજને રે કહ્યો મુજને,
હાંરે તેનાં ફળ તતકાળ, આપુંછું રહે ઉભી આ ઘડી, મહી૦
હાંરે મારૂં બે ચાર ધોલો મુખડે ફોડું મટકી,
હાંરે ફોડું મટકી રે ફોડું મટકી,
હાંરે ઠાઉકો લેરૂં થાળ, ખોડ્ય ભૂલાવું તો હું ખરો. મહી૦
હાંરે તારા મંદિરમાં ઘાલું માંકડાં કાલે જોજે,
હાંરે કાલે જોજે રે કાલે જોજે,
હાંરે બંસીવાળાની વાત, વણુટાણે છોડું વાછડાં. મહી૦

હાંરે સાન ભૂલાવી ગોપીની શામળે એજ વેળે,
હાંરે એજ વેળે રે એજ વેળે,
હાંરે થયો જય જયકાર, રાજી હવે રૂષિરાજ છે. મહી૦

---

(૮૩)

રાગ સામેરીના સાખીઓ.

સામેરી સાગર ઉલટયો રત્ન તણાયાં જાય,
કરમહીણા ભરે મુઠડી શંખલે હાથ ભરાય.
સામેરી ઉંચો ગઢ દ્વારકાં જાદવ છપનક્રોડ,
રત્નાગર સાગર ઘુઘવે ત્યાં રાજ કરે રણછોડ.
સામેરી સોના સાટવે ઉભી જમણે કે ચોક,
હું તને પૂછું સામેરી તારે શૂળી ભલી કે સોકય.
સોકયથી મારે શૂળી ભલી હૈડે પાડે છેહ,
સોકય કેરે બોલડે મારી ક્ષણું ક્ષણું દાઝે દેહ.
એક સામેરી બીજો મારે સામવેદ ત્રીજું નારાયણ નામ,
ચોથું વ્રત મારે એકાદશી પાંચમું ગંગા સ્નાન.

---

(૮૪)

દ્વારકાંના વાસીરે અવસરે આવજોરે,
રાણી રૂક્ષમણી કેરા કંથ;
દુષ્ટ દુરજોધનરે લાગ્યો મને પીડવારે,
પ્રભુ મારા ચોદશા ન્યાળું તારો પંથ. દ્વારકાંના૦

સોડ તાણીનેરે શુંરે સુતો શામળા,
આળસ મોડીને ઉઠોરે આજ;
લક્ષ્મીજી તળાંસેરે પ્રભુ તારા પાવલા,
અમપર મહેર કરો મહારાજ. દ્વારકાંના૦
ગ્રહને થકોરે ગજને ઉગાર્યો,
કીધી તમે સુધનવાની સહાય;
નરસિંહ રૂપે હિરણાકશ્યપ હણ્યો,
પ્રહ્લાદ ઉગાર્યો તે લાગ્યો પાય. દ્વારકાંના૦
છપન કરોડ જાદવ પ્રભુ તારા;
સાથે બળીભદ્ર સરખારે ભ્રાત,
કાળી નાગ નાથ્યોરે, જરાસંધજી ત્યારે,
તે બળ કયાં ગયું મારા નાથ. દ્વારકાંના૦
વસમીને વેળાયેરે, વારે ચઢજો વિઠુલારે,
ધાજો છત્રપતિ નિરધાર;
અસવારીને કરજોરે ગરૂડની ઉપરરે,
નરસીઓ વિનવે વારંવાર. દ્વારકાંના૦

(૮૫)

પદ રે જું.

ગરબી.

આજ સખી વાગેરે વૃંદાવનમાં વાંસળીરે,
વાગે વાગે નૌતમ નવરંગ નાદ.
ગોકુળની ગોપીરે થઈ સર્વે ઘેલડીરે,

મુકીને ચાલીરે કુળ મરજાદ. આજ૦
જે જેમ હતીરે તે તેમ નીસરીરે,
લોપીરે માત પિતાની લાજ;
અવળાંને સવળાંરે આભૂષણ અંગે ધર્યારે,
સહુ કોઇને મન વસીયા મહારાજ. આજ૦
નવસે નવાણું જાય જેમ નીરભણીરે,
કરવા સાગર કેરો સંગ;
મોહન દીપકરે, જ્યોત અખંડ છે રે,
ગોપી છે પુરણ પ્રેમ પતંગ. આજ૦
હળીમળી માંહેરે ગોપી સહુ હીંડતાંરે,
ઉલટ વાધ્યો અંગો અંગ,
સ્વામી રણછોડનોરે, ભાવે ભેટીઓરે,
લાગ્યો લાગ્યો રસીઆ સાથે રંગ. આજ૦

(૮૬)

રાગ વેરાડીની સાખીઓ.

વેરાડી મારે એક વેર થયું, શ્રી વૃંદાવન મોઝાર;
રાસ રમતાં ગરવ આવીઓ છે, હરિ તજી ગયા તેણીવાર.
પ્રેમદા પ્રેમ વ્યાકુળ થઇ, નવ દીઠા જદુવીર;
રામા સૌ ટોળે મળી, આવી શ્રી જમુનાં તીર.
નયણે જળધારા વહે, રૂદન કરે તેણીવાર;
વ્રીજનારી વિઠ્ઠલ વિના, પામી દુઃખ અપાર.

(૮૭)

પદ ૩ જું.

પીયાંણુંને પહોંચ્યાંરે તેડાં તત્પર થયાંરે,
હવે અમે વળશું અમારે દેશ.
પ્રણામને કહેજોરે જે કોઈ અમને ઓળખેરે,
જેને હોય ભક્તિ તણો ઉપદેશ. પીયાંણુંને૦
રમવાને આવ્યાંરે ત્યારે સૈયર આવશેરે,
રમીશું જમીઆં ગમીઆં સંસાર,
વેર નથી આસ્યાંરે, સૌ સાથે વહાલ છે રે,
દેરાણી જેઠાણી નારને નાર. પીયાંણુંને૦
મહાસુખ પામીરે સૈયર હું તો સાસરેરે,
પામી મારા સતગુરૂનો પ્રતાપ;
ભવ ભય ભાગ્યારે નામ નિરભે થયુંરે,
ટળી ગયો ત્રિવિધ તનનો તાપ. પીયાંણુંને૦
સખી કેને કહીએરે સંવત અઢારમાંરે,
વરસ તો ચોસઠો નિરધાર;
આસોને ઉતરતાંરે કારતક બેસતાંરે,
તિથી કહીએ પડવેને શનિવાર. પીયાંણુંને૦
છ ઘડી દહાડો ચઢતાંરે વૈમાન આવેરે,
હળમળ કરીને બેસવું માંય;
અમારે તો જાવુંરે પહેલેને પહોરમાંરે,
જે વેળા અનુકુટ ઓચ્છવ થાય. પીયાંણુંને૦

સગાંને સંબંધીરે સૌ મળી ચાલશેરે,
તો તે પછી પામશે વૈકુંઠવાસ;
પ્રીત કરીને એણી પેર પ્રીછવુંરે;
હરખ તેથી ગાય છે હીમો દાસ. પીયાંણુંને૦

(૮૮)

પંથીડાને ન્યાળતીરે હો, જોતી હું તો પીતાંબર પગલાં;
મધ્ય નિશા સમેરે, ભમતી હું તો લડસડતી ડગલાં. ૧
સામા શ્યામનેરે હો, દીઠું હું તો મારગડે જોતી;
નયણે મારે નીર ઝુરે હો, ચતુરા ચીર વડે લોતીરે. ૨
ચૌદશે ન્યાળતીરે હો, જાણે હું તો વનચરતી હરણી;
સુધ બુધ વિસરીરે હો, પ્રભુ મારા એ તારી કરણી. ૩
ગોપી સૌ ટોળે મળીરે હો, મનમાં કીધો એક વિચાર;
ચાલો સૈયરો ત્યાં જઈએરે હો, જયાં હોય નાગર નંદકુમાર. ૪
જઈને પૂછયું દ્રુમનેરે હો, દીઠો કોઇ નાગર નંદકિશોર;
આણે આણે મારગડેરે હો, આવ્યા અમે લક્ષચોરાસી વાર. ૫
ભુલી ભુલી ત્યાં ગઈરે હો, જ્યાં શ્રી જુમનાંજીનાં તીર;
વાલો અહીંઆં બેસતારે હો, જમતા કરમલડાને કુર. ૬
જો હવે હરિ નહિ મળેરે હો, બાઇ મારા પાપી પ્રાણ તજીશ;
જ્યારે એ શું પ્રીતિ કરીરે હો, મનડામાં હતી મોટી આશ. ૭
નરસૈયાનો સ્વામી શામળોરે હો, વહાલે મારે ફરી રમાડ્યાં રાસ;
રજની તો કીધીરે હો, વહાલે મારે ખટરે માસ. ૮

(૮૯)

પદ ૨ જું.

જાગોરે જશોદાના જીવણ, વહાણલાં વાયાં;
તમારા ઓશિંગે મારાં, ચીર ચંપાયાં. જાગો૦
પાસુ મરડો તો વાલા, ચીર લેઉ તાણી,
સરખી સમાણી સૈયરો સાથે જાવું છે પાણી. જાગો૦
પંખીડાં બોલે વાલ, રાત રહી થોડી;
સેજલડીથી ઉઠો વાલા, આળસડાં મરડી. જાગો૦
સાદડી પાડું તો વાલા, લોકડીયાં જાગે;
અંગુઠો મરડું તો, પગના ઘુઘરા ગાજે. જાગો૦
સાસુડી જાગેરે, વેરણ નણુદી જાગે;
ઓ પેલી પાડોશણને ઘેર, વલાણું વાગે. જાગો૦
જેને જેવો ભાવ હોય, તેને તેવું થાયે;
નરસૈયાના સ્વામી વિના, રખે વહાણલું વાએ. જાગો૦

(૯૦)

પદ ૨ જું.

સોળીરે ભરવાડણ હરિને વેચવા ચાલી,
સોળ શહસ્ર ગોપીના વહાલાને, મટુકીમાં ઘાલી. ૧
અનાથના નાથને વેચે, આહીરની નારી;
શેરીએ શેરીએ સાદ પાડયો, લ્યોરે કોઇ મોરારી. ૨
મટુકી ઉતારી માહીં, મોરલી વાગી;
વ્રજનારીને સેજે જોતાં, મોરછા લાગી. ૩

બ્રહ્માદિક ઈંદ્રાદિક સરખા, કૌતક પઈએ;
ચૌદ લોકના નાથને, કોઇ મટુકીમાં દેખે. ૪
ગોવાલણીના ભાગ્યે, પ્રગટ્યા અંતરજામી;
દાસડલીને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી. ૫

(૯૧)

શું રૂડું કીધુંરે મારા નાથજી અની હાંહાંરે રૂક્મણી વર વહાલા;
પારીજાતકની પાંખડીરે લાવી આપ્યા શું ઠાલા. શું રૂડું૦
સોળ વરસની સુંદરીરે કીધી છે અધિકારી,
પરણ્યા વિનારે પ્રેમદા ઘેર લાવ્યા શું કુંવારી. શું રૂડું૦
સુરીનર મુનીવર દેખતાંરે અંબા પુંજવા આવી,
લાંછનથી લાજી નહીરે બાંધવને બંધાવી. શું રૂડું૦
તમને તમ સરખી નારી મળીરે વાત જુઓને વિચારી;
મારી સાથે મારા નાથજીરે લાંછન લાગે મોરારી. શું રૂડું૦
તમ સંગે જે વળગી રહેરે તમ સરખું તે થાય;
ગોવિંદીયો વેરાગથીરે ગુણના ભાના ગાય. શું રૂડું૦

(૯૨)

રાગ પંચમ પ્રભાત.

અની હોરે રાતલડી રમીનેરે હો, વાણું તો વહી ગયુંરે; !
શા શા કહું રાતલડીના રંગ. અની૦
મંદીરીએને મારે હો જવાનું થયુંરે,
કેમ મેલું મારા શામળીઆનો સંગ. રાતલડી૦
અની૦ રાધાને નારી હો મોહનજી તો મોહ મણીરે
સુંદર જોઈ કુંજભવન;

અની હોરે સજની સુરજનીરે હો રંગભેર ઝીલતાંરે;
સુખનો વા'લો શો કોઇએ અપરંપાર; રાતલડી૦
અની૦ મંદીરીએને મારેરે હો મહી વલોવતાંરે.
માથે મારે હરજી કેરો હાથ,
અની૦ નરસૈંયાના સ્વામીરે હો
રંગ ઝીલતાં ગોપીઓ સર્વે લાગે પાય. રાતલડી૦

(૯૩)

રાગ પંચમ.

મારેરે આંગણીએ કોને પંચમ ગાયો,
ધસમસ્યા આવીને વાલે પાલવ સાહ્યો. ૧
પીતાંબર હાર ગળે મુગટ શોભતો,
મદરે ભર્યોરે પ્રભુ માનીની મોહતો. ૨
વાંસલડી વાઇને, વહાલે મોહ પમાડી;
પ્રેમ શું પાતળીએ વહાલે રૂદીય શું ભીડી. ૩
મંદીરીયાં આવી વહાલે, માંડયો વિહાર;
ભણે નરસૈયો પામી પુરણ આધાર. ૪

(૯૪)

ગોકુળ વહેલા પધારજોરે (૨)
મથુરાંમે જાવ તો મારા સમ હો લાલ. ગોકુળ.
રથ જોડીને અક્રુર આવીયારે (૨)
એ તો મને દુ:ખડાંનો દેનાર હો લાલ. ગોકુળ.
ઓ જાય ઓ જાય રથ મારા નાથનો (૨)

માંહે બેઠા હળધર વીર હો લાલ. ગોકુળ.
આગળ રાધાજી ઉભાં રહ્યાંરે (૨)
મારા હૃદય પર રથ ખેડ હો લાલ. ગોકુળ૦
મહેતા નરસૈનો સ્વામી શામળોરે (૨)
વાલે મારે રંગે રમાડ્યાં રાસ હો લાલ, ગોકુળ.

(૯૫)

પદ ૨ જું.

સંતો રામ ભજનમાં ચાલજોરે (૨)
ઉત્તમ આજ રવિનો દીન હો લાલ. સંતો૦
સોમે શ્યામ સ્નેહી શોભતારે (૨)
મધ્યે મંદીરમાં મહારાજ હો લાલ. સંતો૦
મંગળે મુગટ કુંડળ કાનમાંરે (૨)
કંઠમાં શોભે મોતીની માળ હો લાલ. સંતો૦
બુધે બાજુ કંકણ હાથમાંરે (૨)
ધનુષ્ય બાણને ઢાલ તરવાર હો લાલ. સંતો૦
બ્રુહસ્પતિ પંચરંગી જામ પહેરીઆરે,
પહેર્યો રેશમીયા સુરવાલ હો લાલ. સંતો૦
શુક્રવારે પગમાં ઝાંઝરારે (૨)
ઉપર તુળશી દળ બિરાજે હો લાલ. સંતો૦
શનીચર કાઢચો અંગો અંગથીરે (૨)
છુટયાં ભવો ભવ કેરાં દુઃખ હો લાલ. સંતો૦

(૯૧)

રાગ ગરબી.

મારે આજે આનંદનો દીનછે રે,
હરિની ભક્તિ કરે તેને ધન્યછે રે;
વહાલે નરસિંહ મહેતાને હાર આપીઓ રે,
ધ્રુવને અવિચળ કરીને સ્થાપીઓ રે. મારે૦
વહાલે નામાની છાપરી છાઇછેરે,
સુદામાની તે નાર સુખ પાઇછેરે. મારે૦
વહાલે વીખડાં વાળ્યાં મીરાંબાઇનારે,
લજ્જા રાખી સંસારીઆના સાથનીરે. મારે૦
ગુરૂ પ્રતાપે ભીમદાસ બોલીઆરે,
મારા અંતરના પડદા ખોલીયારે. મારે૦

(૯૭)

પદ ૨ જું.

ઓધા અમને જાણે તો તેને જાણીએરે,
વર રાધાજીનો વખાણીયેરે;
એક જાણ્યા જુનાગઢમાં નાગરેરે,
હુંડી સ્વીકારી હોરે કાગળેરે. ઓધા૦
એક જાણ્યા મીરાંબાઈ નારીએરે,
વીખ વાળ્યાં તે સારંગપ્રાણીએરે. ઓધા૦
એક જાણ્યા સગાળશા શેઠ વાણીએરે,
કુંવર છેદ્યો ચંગાવતી નારીએરે. ઓધા૦

ગુરૂ પ્રતાપે સંત જન બોલીયારે,
તેના અંતરના પડદા ખોલીયારે. ઓધા૦

(૯૮)

પદ ૩ જું ગરબી.

વહાલો પ્રેમને વશ થયા રાજીરે,
એમાં શું કરે પંડિતને કાજીરે. વહાલો.

સાખી

કરમાબાઇનો આરોગ્યો ખીચડો, ને વિદુરની ખાધી ભાજી;
જીઠાં બોર સવરીનાં આરોગ્યાં, વહાલે છપન ભોગ મેલ્યા ત્યાગીરે. વહાલો.

સાખી

વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પરોણાને કેળાં આણ્યાંતાં માગી;
ગર્ભ કાઢી નાખીને છાલ ખવડાવી, વહાલે તોયના જોયું જાગીરે. વહાલો.

સાખી

ગુણકા હતી તે પોપટ પઢાવતી, ને તેમાંથી લેહ લાગી;
પ્રભુ હતા તે સહેજમાં મળ્યા, તેની સંસારની ભ્રમણા ભાગીરે. વહાલો.

સાખી

ભક્તની લોક નિંદા કરે છે, જગત થયું છે બહુ પાજી;
ભલે મળ્યા મહેતા નરસૈના સ્વામી, માથે ગિરધર રહ્યો છે ગાજીરે. વહાલો.

(૯૯)

રાગ.

આવો છેલ છબીલા લાલ કામણુ કીધાં જીરે,
મુખડે બોલીને મીઠા લાલ મનહરી લીધાં જીરે;
તમને પુછું પાતળીઆ લાલ ઉભલા રહોને જીરે,
રૂજની કોને મંદિરીએ રહ્યા લાલ સાચું કહોને જીરે.
નરણાં ચોર કસુંબે લાલ રાતે રંગે જીરે
ખુંચી કાંકણુની કોરો લાલ સુંદીર સંગે જીરે
હેત તમારાં હૈયાનાં લાલ જીવણુ જોયાં જીરે
પહેલી પ્રીત કરીને લાલ કોઈના વિસરેજીરે
પ્રીતમના સ્વામીની સંગે લાલ મનડાં મોહ્યાંજીરે

(૧૦૦)

માથે કોપી રહ્યોછે કાળરે, ઉંઘ તને કેમ આવે.
પાણી પહેલી બાંધી લેને પાળરે, ઉંઘ તને કેમ આવે.
નથી એક ઘડીનો નિરધારરે ઉંઘ ”
આતો સ્વપ્ના જેવો સંસારરે, ઉંઘ ”
અલ્યા એળે ખોયો અવતારરે, ઉંઘ ”
તારે માથેછે જમનો મારરે, ઉંઘ ”
તારા મનનું ધાર્યું થશે ધુળરે, ઉંઘ ”
ચાર તોલામાં મણની ભૂલરે, ઉંઘ ”
કરી આવ્યોછું ગર્ભમાં કોલરે, ઉંઘ ”
થોલ આવેલું થાય છે કથોલરે. ઉંઘ ”

જોતજોતાં આયુષ્ય ખૂટી જાયરે, ઉંઘ ”
તારા ડહાપણમાં લાગી લાયરે, ઉંઘ ”
કાંઠે આવેલું ડુબશે ઝાઝરે, ઉંઘ ”
તારા કાજે કહેછે રૂષીરાજરે, ઉંઘ ”

—⋇—

(૧૦૧)

રાગ.

આભડછેટમાં બુડયું બધું અંગરે—સારૂં થાય શી રીતે.
નથી નાહતો ગોદાવરી કે ગંગરે, સારૂં.
દેવ મંદિરમાં નથી કર્યો દીપરે, સારૂં.
નથી કરતો તું ટેલીયાની ટીપરે, સારૂં.
નથી ચપટી કરાવતો ચાલરે, સારૂં.
ખાવા તાકે મફતનો માલરે, સારૂં.
દેવ દરશનનું નથી તને નીમરે, સારૂં.
આખી પૃથ્વીનો વહોરી લીધો વહેમરે, સારૂં૦
નથી વાપરતો દેવની દશુંદરે સારૂં૦
નથી વાપરતો વીપ્રને વસુંધરે, સારૂં૦
નથી દીધાં તીરથનાં દાનરે, સારૂં૦
નથી આપ્યાં અતિથીને માનરે, સારૂં૦
નથી કાઢતો તું ખળાની ખેરાદરે, સારૂં૦
રૂષીરાજની રાખી રૂદે વાતરે, સારૂં૦

—⋇—

રાગ ધોળ.

(૧૦૨)

હાર ગુણ ગાવામાં હુંશીલા, જગમાં હરિનારે જન;
ખરશું ખાઇ જાણું ખીરને, મલકે ઉકરડે મન. પામર.
કાગ મોતીને શું કરે, મોતી ભરખે મરાળ;
પાનનાં બીડાં શાં પાડાને, પાડો શોધે પરાળ. પામર.
આંધા આગળ શી આરસી, સમજે છાણા સમાન;
બહેરા આગળ શું બોલવું, ક્યમ કરી ઉઘડશે કાન. પામર.
ભમરે ગેંગાને ભોળવી, બધો દેખાડયો બાગ,
જોતાં વાડીનાં ઝાડવાં, ભાળ્યો વિષ્ટાનો ભાગ. પામર.
શ્વાન ન સમજે સંપમાં, અગણિત દેતાં ઉપદેશ;
નજરે નાતીલાં ન્યાળીને, દિલમાં દાખવશે દ્વેષ. પામર.
અન્નનાં ભોજન શાં ઉંટને, રીઝે ઝાંખરને જોઇ;
ઈતડી વળગી અડાણમાં, પીશે પય છોડી લોહી. પામર.
સુરષાતન ઇચ્છે પાવૈયો, એકે ન મળે ઇલાજ;
કાળી કાંબળને કર્મજનો, રંગ ન લાગે ઋષિરાજ. પામર

(૧૦૩)

ધોળ.

ઠરશે કંચનના થાળમાં ડુંગરી વાઘણનું દૂધ,
તાંબા પિત્તળમાં નહિ ટકે, સોવાર કરીયે જો શુદ્ધ પ્રભુ૦
સોમવલ્લી સંસારમાં, પચવે બ્રાહ્મણનો પુત્ર;

વમશે બીજી સૌ વર્ણમાં, શું થાય ધારેથી સુત્ર. પ્રભુ૦
ખારા જળનીરે માછલી, મીઠા જળમાં મરી જાય;
ખાશે કુતરૂ જો ખીર તો, ઉલક ઓચિંતી થાય. પ્રભુ૦
અફીણ કેરીરે ઇયળનું, મળશે ગોળેથી મોત;
જળ રતુ પામીને જવાસા, સુકાય શાખા થડ સોત. પ્રભુ૦
આખા જગનીરે આંખ્યોને, સુરજ ઉગ્યે સુખ થાય;
ઉલ્લુક જગમાં અભાગીયાં, દિવસે કાંઈ ન દેખાય. પ્રભુ૦
સેવે સકંગને શ્રીમંતા, કરવા સુંદીર કાય;
ખર જો કાંકરો ખાય તો, જીવનું જોખમ થાય. પ્રભુ૦
મોંઘા મખમલનાં સુઢીયાં, મઢતાં બગડે પખાજ;
દેહને આટલા દાખલા, રચના કીધી રૂષિરાજ. પ્રભુ૦

---

(૧૦૪)

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગિરધારી;
મારી હુંડી શામળીઆને હાથરે, શામળા ગિરધારી.
રાણાજીએ રઢ કરી વળી મીરાં કેરે કાજ (૨)
ઝેરના પ્યાલા મોકલ્યારે, વહાલો ઝેરના જાણનહારરે;
શામળા ગિરધારી, મારી હુંડી સ્વીકારો.
સ્થંભ થકી પ્રભુ પ્રગટીયા, વળી ધરીયાં નરસિંહરૂપ (૨)
પ્રલ્હાદને ઉગારીઓરે, વહાલે માર્યો હિરણ્યકંસ ભૂપરે;
શામળા ગિરધારી, મારી હુંડી સ્વીકારો.
ગજને વહાલે ઉગારીઓરે, વળી સુદામાની ભાગી ભૂખ (૨)

દોહલી વેળાના મારા મારા વાલમારે,
તમે ભક્તોને ઘણાં આપ્યાં સુખરે. શામળા૦
પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીનાં પુર્યાં ચીર (૨)
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારજો,
તમે સુભદ્રાબાઈના વીરરે. શામળા૦
ચાર જણા તિરથવાસી, રૂપીઆ છે સો સાત (૨)
વહેલા પધારજો દ્વારકારે,
એને ગોમતી નાહ્યાની ઘણી ખાંતરે. શામળા૦
રહેવાને નથી ઝુંપડું, જમવાને નથી જુવાર (૨)
બેટો બેટી વળાવીયાં, વળી વળાવી છે ઘરની નારરે. શામળા૦
ગરથ તે ગોપીચંદનું, વળી તુળસી હેમનો હાર (૨)
સાચું ઘરેણું મારે શામળો,
મારી પુંજીમાં ઝાંઝને પખાઝરે શામળા૦
તિરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરની માંય (૨)
આ શહેરમાં એવું કોણ છે રે,
જેનું શામળશા શેઠ એવું નામરે. શામળા૦
તિરથવાસી સૌ ચાલીયા, વળી આવ્યા નગરની બહાર (૨)
વેશ લીધો વણીકનોરે, મારૂં શામળશા શેઠ એવું નામરે. શા૦
હુંડી લાવો હાથમાં, વળી આપું પુરા દામ (૨)
રૂપીયા આપું રોકડારે, મારૂં શામળશા શેઠ એવું નામરે. શા૦
હુંડી સ્વીકારી વહાલે શામળે, વળી અરજે કીધાં કામ (૨)
મહેતાજી ફરી લખજોરે, મુજ વાણોતર સરખાં કાજરે. શામળા૦

મારી હુંડી સ્વીકારો મહારાજરે, શામળા ગિરધારી.

---

(૧૦૫)

માણીગરની સાખીઓ.

ગરબી.

મોહલે પધારો મહારાજ, માણીગર મોહલે પધારો;
નારી જુવેછે વાટ, માણી. મારો શો છે અપરાધ, માણી૦
એમ રૂદન કરે રાધા નાર. માણી૦
શીશો ભાગ્યો સાંધતાં, મન ભાગ્યું કુવેણ;
મોતી ભાગ્યું વીંધતાં, તેને નહી સાંધો નહી રેણ. માણી૦
સોનું કરીને સાચવ્યું, કરમે નીકળ્યું કથીર;
ચીંતામાં ચતુરાઇ ઘટે, મારાં સોષે સુકાણાં શરીર. માણી૦
ચંદા તુજને પુજતી, કરતીતી સોમવાર:
ઘડી એક મોડો ઉગજે, મારા પિયુ મીલાવણ હાર. માણી૦
સાહેલી સાગર ઉલટયો, રત્ન તણાયાં જાય;
કરમ ફુટ ભરે મુઠડા, તેના શંખલે હાથ ભરાય. માણી૦
જોબન જાતાં જાણતી, કરતીજ મોઘાં મુલ;
થોડું થોડું રાખતી, જેમ માલણ રાખે ફુલ. માણી૦
પ્રીતિ એવી કીજીએ, જેસો ટંકણખાર;
આપ જલે પર રીઝવે, ભાગ્યાં સાંધે હાડ. માણી૦
મિત્ર મિત્ર સબકું કહત, તાલી મિત્ર અનેક;
વિપત્ત પડે સો શીર લહે, એતો જગમાં જવલ્લે એક. માણી૦

(૧૦૬)

ગરબી.

સાર છે સાર છે સાર છેરે
સીતા રામ રટણમાં સાર છે. ટેક
મનુષ્યાદેહ પામીને રામ વિસર્યો,
ધિક તેનો અવતાર છેરે સીતા૦
મનુષ્યાદેહ પામીને સ્મરણ ભૂલ્યો,
તેને કલ્યાણની વારછેરે સીતા૦
કુસંગ કરનારનો સંગ કર્યાથી,
જમનો ખોટો માર છેરે સીતા૦
લક્ષ ચોરાશીના ફેરારે ફરતાં,
મનુષ્યદેહ છેલ્લો અવતાર છેરે; સીતા૦
કહે હરિજન ગુરૂ પ્રતાપે,
રામ રટ્યાથી ભવપારછેરે, સીતા૦

(૧૦૭)

ગરબી.

આવ્યા શ્રી ગોકુળ તારવા છબીલો લાલ
આવ્યા શ્રી ગોકુળ તારવા. ટેક૦
વસુદેવ દેવકીને ઘેર જન્મ ધર્યો છે, (૨)
નંદજીની ગૌધેન ચારવા. છબીલો૦

મારી પુતનાના વહાલે પ્રાણુજ લીધા (૨)
મામા તે કંસને મારવા. છબીલો૦
ટચલી આંગળીએ વહાલે ગોવર્ધન તોળ્યોરે, (૨)
ઇંદ્રનાં માન ઉતારવા. છબીલો૦
ચંદ્રાતે વનની કુંજગલનમાં, (૨)
ગોપીઓને રાસ રમાડવા. છબીલો૦
વલ્લભના સ્વામી પ્રભુ રસીક શિરોમણી. (૨)
ભુમિનો ભાર ઉતારવા. છબીલો૦

(૧૮)

ગરબી.

જાઓ માં જાઓ માં જાઓ મારે,
મારા વહાલા મથુરાંમાં જાઓ માં;
અક્રુરના રથ દેખી શામા વિચારે. (૨)
માવા મત માલો ભવનમાંરે. મારા વહાલા૦
સોળસે ગોપીયોનો સંગ તજીને, (૨)
કુબજાના સંગી થાઓ માંરે. મારા વહાલા૦
ટળવળતા મેલીરે ત્રિકમજી, (૨)
નાથ નમેરા થાઓ માંરે. મારા વહાલા૦
કહે મીઠો પરસોત્તમ પ્રીતે, (૨)
વીખડાં ઘોળી ઘોળી પાઓ માંરે. મારા વહાલા૦

(૧૦૯)

વહાલે મારે મોરલી વગાડી કાંઇ તાનમાંરે,
મારાં મન તો હર્યાં છે એની શાનમાંરે. વહાલે૦
ખાતાં પીતાં અમે તો ઉભાં થયાં રે, (૨)
ચણુ કરવાની શુદ્ધ તો ભૂલી ગયાંરે. વહાલે૦
એવી ચટપટી લાગી મારા મનમાંરે (૨)
રાધા રમવા જાયે વંદ્રાવનમાંરે. વહાલે૦
એવી આતુરતા પ્રગટી મારા અંગમાંરે (૨)
રાધા રમવા જાયે હરિના સંગમાંરે. વહાલે૦
ફરે કુંદડીને તાળી લે હીચમાંરે (૨)
મારો વહાલો રમે છે ધીચમાંરે. વહાલે૦
આવો આવો શું જાઓ છો રીસમાંરે (૨)
પુરાં પહોંચ્યાં નથી પચવીસમાંરે, વહાલે૦
બ્રહ્મા ઈંદ્ર જોતાને આવીઆરે (૨)
સાથે નારદ મુનિને લાવીઆરે. વહાલે૦
ગુરૂ ગાયરે ગેમલ જાકે ભેટીયારે. (૨)
મને વળગાડો ભક્તિ તણા પીયારે. વહાલે૦

(૧૧૦)

રાગ ગરબી.

હાંરે રથ ફેરો, ગોકુળ રથ વાલા (૨)
તમે નંદ જશોદાના લાલારે. રથ ફેરો૦

અંબારે તલપે જમનારે તલપે (૨)
તલપે છે નદીઓ નાળારે. રથ ફેરો૦
ગાયોરે તલપે વાછરૂ તલપે (૨)
તલપે છે ગોપ ગિવાર રે. રથ ફેરો૦
ચંદ્રમા તલપે સુરજ તલપે (૨)
તલપે છે નવ લખ તારારે. રથ ફેરો૦
વલ્લભ વિના ગોપીઓ તલપે (૨)
તલપે છે પ્રાણ હમારારે. રથ ફેરો૦

(૧૧૧)

ભરથ્રી.

કોઈ મને કૃષ્ણ દેખાડોરે શ્રી ગોકુળમાં;
કોઈ મને પ્રભુજી મીલાવોરે મધુવનમાં ટેક
મેરી મતિ હેરી તેરો મર્મ ન જાણું (૨)
વનમાં ફરે વહાલો તનમાંરે—મધુવનમાં કોઇ મને૦
સકલ બન ઢુંઢયાં સકલ બ્રજ ઘેર્યાં, (૨)
અતિરે ઉદાસી મારા તનમાંરે—મધુવનમાં કોઇ મને૦
અમર ચીર પહેર્યા, મેઘાંબર ઓઢયાં, (૨)
ફુલડાં વીણતી બાગનમાંરે—મધુવનમાં કોઇ મને૦
ફાટતા, ચીરને હાર મારા તુટયા (૨)
નીર ભર્યાંરે લોચનમાંરે—મધુવનમાં કોઈ મને૦

સુરદાસ પ્રભુ તીહારે મીલનકું (૨)
અતીરે ઉલટ મારા મનમાંરે. મધુવનમાં કોઇ મને૦

(૧૧૨)

નાથ તમે તુળશીને પત્રે તોળાણા,
એવા ગુણ તો ગોવિંદના ગવાણા. ટેક.

બોડાણે બહુ નામીને સેવ્યા, ને બોલડીએ બંધાણા;
કૃપા કરીને પ્રભુજી પધાર્યા, ડાકોરમાં દરશાણા નાથ૦

ગુગળી વાંસે ગોતવા ચાલ્યા, ને અધબીચયે અટકાણા;
વાવમાં વહાલોજી આપે બિરાજે, તો સ્નાન કરીને સંતાણા; ના૦

હેમ બરોબર મુલ કરીને, વાલ સવામાં તોલાણા;
બ્રાહ્મણને સોંઘાપણ આપ્યું, સંતને વચને વેચાણારે નાથ૦

મધ્યરે ગુજરાતમાં રચીરે દ્વારકાં, વેદ પુરાણ વંચાણા;
હરિ ગુરૂ વચને ગાયવાળે લાખો, જગત બધામાં જણાણા. નાથ૦

---

(૧૧૩)

ગરબી.

ગોવિંદો પ્રાણ હમારોરે, મને જગ લાગે ખારોરે;
મુંને મારો રામજી ભાવેરે, બીજો મારી નજરે ન આવેરે.
મીરાંબાઇના મહેલમાંરે, સાધુ સંતનકો વાસ;
કપટીથી હરિ દૂર વસે છે. મારા સંતનકેરી પાસ. ગોવિંદો૦

રાણોજી કાગળ મોકલે, દેજો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો મીરાં, તમો વસો રાણાજીની સાથ. ગો૦
મીરાંબાઇ કાગળ મોકલે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડો રાણાજી, તમે વસો સાધુ સંગાત. ગોવિંદો૦
વિષના પ્યાલા મોકલ્યા, દેજો રાણી મીરાંને હાથ;
અમૃત કરી મીરાં પી ગયાં, જેને સ્હાય શ્રીવિશ્વનો નાથ. ગો૦
સાંઢવાળા સાંઢ શણગારજે, જાવું સો સો કોશ;
રાણાજીના રાજમાં, મારે જળ પીવાનો દોષ. ગોવિંદો૦
ડાબો મેલ્યો મેવાડને, મીરાં ચાલ્યાં પશ્ચિમ માંય;
સર્વે છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડુ ન કાંય. ગોવિંદો૦
સાસુ હમારી સુષુમણા, ને સસરો શીલ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલીઓ નિર્દોષ. ગોવિંદો૦
ચુંદડી ઓઢું તો રંગ ચુવે, ને રંગ બેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય. ગોવિંદો૦
મીરાં હરિની લાડકી, રહેતી સંત હજુર;
સાધુ સંગાતે સ્નેહ ઘણો, પેલા દીલ કપટીથી દૂર. ગોવિંદો૦

(૧૧૪)

શ્રી મહાપ્રભુજીનો થાળ.

તમે ભોજન કરવા આવોરે નંદ સલુણા.
પાતળીઆજી પધારોરે પ્રીતે પરોણા.
વાલાજી મારા શીરો પુરીને કંસાર,
માંહી ઘીની પડે છે ધારારે. નંદ સલુણા૦
વાલાજી મારા આરીયાં તુરીઆંને ટીંડોરાં,
મહી સવરીબાઇનાં બોરાંરે. નંદ સલુણા૦
વાલાજી મારા પુરણ પોળી ક્યો પાતળીઆ,
સુદામાના તાંદળીઆરે. નંદ સલુણા૦
વાલાજી મેંતો શીરો શેકયો છે છાનોમાનો,
માંહે ખીચડો કરમાણોરે. નંદ સલુણા૦
વાલાજી મારા સરવે સામગ્રી છે તાજી,
માંહે વિદુરજીની ભાજીરે. નંદ સલુણા૦
વાલાજી મારા કુર કમોદનો કીધોરે,
માંહી ચુંગ લવિંગનો બીડોરે. નંદ સલુણા૦
વાલાજી મારા જે જોઇએ તે માગી લેજો,
માંહી ખાટું ખારૂં કહેજોરે. નંદ સલુણા૦
વાલાજી મારા રવિ તે રામ રંગ રાખે,
એતો કહે છે દલપત સાચેરે. નંદ સલુણા૦

(૧૧૫)

થાળ.

જમો જમોને જીવણલાલ જુગતે જમાડું,
શામળીઓ સરજનહાર રંગભેર રમાડું. ૧
આવી બેસો મંડપની માંય છોગલાં છોડીને,
શું કરશે દુરીજન લોક મુખડાં મરડીને. ૨
મારે નથી તે કોઇનું કામ કામ તમારૂં છે,
મારે તમ પ્રતાપે શ્યામ સરવે સારૂં છે. ૩
ખીરસાવું પુરી પકવાન સુંદીર સેવો છે,
તેનો સ્વાદ જુઓ મહારાજ જોવા જેવો છે. ૪
મેં કોઠે ઓસાવ્યો કુર કરપુરે વાસી,
શીરાવો સાકર દૂધ હરિનો છું દાસે. ૫
મારે ઘેર ધરાણુ ઘી ભરેલું છે વાઢી,
ઠારૂઠારૂરે જમણો હાથ જીવણને જમાડી. ૬
પીઓ પીઓ પૂર્ણાનંદ જમુનાં જળ ટાઢાં,
મુખવાસે બીડલાં પાન ગંગેરી છે સારાં. ૭
મેં સરજીને સંસાર સરવે જોયું છે,
મીઠાના ઠાકોર શું મારૂં મન મોહ્યું છે. ૮

(૧૧૯)

થાળ.

આનંદે આવોરે જીવણુ જમવાને,
બહુ પાક બનાવ્યોરે ગુણવંત ગમવાને. ૧
ઉષ્ણોદક ભરીયાંરે નટવર નહાવાને,
પીતાંબર પીળાંરે પ્રભુને પહેરવાને. ૨
ચાખડીએ ચઢીનેરે આવ્યા અંતરજામી,
કંચનને બાજઠરે બેઠા બહુ નામી. ૩
ચંદનની ચોકીરે સોનાની થાળી,
જમવાને બેઠારે હરજી વનમાળી. ૪
ખાજાંને લાડુરે ઘેબર ઘીનાં છે,
બહુ પાક બનાવ્યોરે સો મીસરીનો છે. ૫
ભલા ભોગ છપન છેરે મીંજન બહુ ભાતી,
ખટરસ બોળીનેરે કીધા છે જાતી. ૬
જેને જેવી રૂચીરે તે લેજો માગી,
જમનાં સુખ નીરખ્યુંરે તે મહા બડભાગી. ૭
જળ તો છે શીતળરે એલચીએ વાસ્યાં,
પાનનાં બીડાંરે ચવરાવું ખાસાં. ૮
કુમકુમને ચંદનરે કેશર થાળ ભરી,
પ્રીતમના સ્વામીને પુજું ભાવ કરી. ૯

આરતિ.

જય દેવ જય દેવ;
જય જય જગકર્તા, પ્રભુ જય જય જગકર્તા,
ભગવંત તું ભવભર્તા (૨) હરકત સંહર્તા—જય૦
પુરણ પરમ પરાક્રમી, પ્રભુ વિભુ પરમાત્મા—પ્રભુ પ્રભુ૦
સકળ કળાધર શ્રીમંત (૨) ધીમંત ધરમાત્મા—જય૦
તું સચરાચર સ્વામી, બળવંત બહુ નામી—પ્રભુ બળ૦
વિમળ મંડળ વિશ્રામી (૨) ધન્ય અચર સ્વામી—જય૦
તત્વ સકળ ગુણ તારા, સર્વ થકી સારા—પ્રભુ સર્વ૦
અંતર્યામી હમારા (૨) પ્રાણ થકી પ્યારા—જય૦
કરૂણા કરે ઉપકારી, ધર્મ બિરત ધારી—પ્રભુ ધર્મ૦
તેં ભવપાર ઉતારી (૨) અગણિત નર નારી—જય૦
તુજ મહિમા બહુ મોટો, શુભ તારી શક્તિ પ્રભુ શુભ૦
સુરીનર મુનિવર માગે (૨) ભલી તારી ભક્તિ—જય૦
હે હરિ હરકત હરજો, કરૂણા ઘણી કરજો—પ્રભુ કરૂણા૦
અભય કરણ આચરજો (૨) ઉર અરજી ધરજો—જય દેવ૦

(ક૦ દ૦ ડા૦)

સમાપ્ત.